ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૮ તા.૨૧.૦૭.૨૦૨૪, રવિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 8 Dt. 21-07-2024, Sunday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

સુવિચાર

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે!

હવે.. 'લોપાર'નો ખતરો ! ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ભારેનુ એલર્ટ

બંગાળની ખાડી પરનું લો પ્રેશર 'લોપાર' વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યુ છે જેને કારણે કેટલાક રાજ્યોમાં વરસાદ સાથે ભારે પવનનુ અનુમાન લગાવાયુ છે. ૨૧મી જુલાઈએ ગુજરાતમાં અને ૨૨મી જુલાઈએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે

નવી દિલ્હી, તા.૨૦

એક તરફ વરસાદ સમગ્ર ભારતના અનેક રાજ્યોને ધમરોળી રહ્યો છે. ત્યાં હવે ભારતના કેટલાક રાજ્યો પર વાવાઝોડાનું સંકટ પણ તોળાઇ રહ્યુ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડુ ઉદભવવાની સંભાવના છે. બંગાળની ખાડીમાંથી સર્જાયેલા લો પ્રેશરે વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યુ છે. આ વાવાઝોડાને 'લોપર' નામ આપવામાં આવ્યું છે. ઓડિશાના દરિયાકાંઠે ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને અડીને આવેલા ઉત્તર આંધ્ર પ્રદેશ પરનું ડિપ્રેસન લગભગ ૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું હતું.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પરનું લો પ્રેશર એરિયા શુક્રવારે દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારમાં દબાણ વિસ્તારમાં ફેરવાઈ ગયું હતું. તે પુરી, ઓડિશાથી લગભગ ૫૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમમાં, ગોપાલપુરથી ૯૦ કિમી પૂર્વમાં, પારાદીપથી ૧૪૦ કિમી દક્ષિણ-પશ્ચિમમાં અને કલિંગપટનમ (આંધ્રપ્રદેશ)થી ૨૦૦ કિમી ઉત્તર-પૂર્વમાં છે. આઇએમડી અનુસાર, તે ઓડિશા અને છત્તીસગઢ ઉપર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધતી વખતે આગામી ૨૪ કલાક દરમિયાન ધીમે ધીમે નબળું પડશે. ચોમાસાની સિસ્ટમ સક્રિય છે અને તેની સામાન્ય સ્થિતિની દક્ષિણે છે. આગામી ૨-૩ દિવસ દરમિયાન તે તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણમાં રહેવાની શક્યતા છે.સાથે ગુજરાત-ઉત્તર કેરળના દરિયાકાંઠે સરેરાશ દરિયાઈ સપાટીથી પસાર થાય છે. એક ચક્રવાતી પરિભ્રમણ ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને તેની નજીકના સૌરાષ્ટ્રમાં નીચલા ઉષ્ણકટિબંધીય સ્તરોમાં સ્થિત છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૫ દિવસ દરમિયાન આ વિસ્તારમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, દક્ષિણ આંતરિક કર્ણાટક, કોસ્ટલ કર્ણાટક, વિદર્ભમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૨૧મી જુલાઈએ ગુજરાત પ્રદેશમાં અને ૨૨મી જુલાઈએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદની શક્યતા છે.આઈએમડીએ તેના બુલેટિનમાં જણાવ્યું છે કે આગામી ૫ દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પૂર્વ રાજસ્થાનમાં છૂટાછવાયા ભારે વરસાદની સંભાવના છે. પૂર્વ રાજસ્થાનમાં ૨૧ જુલાઇના રોજ અલગ-અલગ ભારે વરસાદની સંભાવના છે. આવી સ્થિતિ હિમાચલ પ્રદેશમાં ૨૨ અને ૨૩ જુલાઈએ અને ઉત્તરાખંડમાં ૨૦-૨૨ જુલાઈ દરમિયાન રહેશે. આગામી ૫ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓ, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. આગામી ૪-૫ દિવસ દરમિયાન નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ગુજરાતમાં ૨૦ જૂન આસપાસ ચોમાસું જામ્યું છે અને ત્યાર બાદ સતત અલગઅલગ જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. કેટલાક જિલ્લામાં અતિભારે તો, કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદ વરસી રહ્યો છે ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડવાનું કારણ સર્જાયેલી વરસાદી સિસ્ટમ છે. હાલમાં જે સિસ્ટમ બનેલી છે એ ઉત્તર ગુજરાત, કચ્છ અને અરબી સમુદ્રની આસપાસ બનેલી છે, જેની સૌથી વધારે અસર સૌરાષ્ટ્રમાં થઈ હોવાથી સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થયો છે અને ઉત્તર ગુજરાત માં ઓછો વરસાદ થયો છે." "દક્ષિણ ગુજરાતમાં શીઅર ઝોન અને ઑફટર ટ્રફ (હવાનું હળવું દબાણ) રેખા જે દક્ષિણ ગુજરાતથી લઈને કર્ણાટક સુધી અરબી સાગરમાં બનેલી છે, તેના કારણે અહીં વરસાદ થયો છે અને હજુ એક સીસ્ટમ સક્રિય થતા હજુ ગુજરાત પર પાંચ દિવસ જોખમ તોળાઇ રહ્યુ છે.

સૌરાષ્ટ્રમાં જળબંબાકાર



સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં રાજકોટ, પોરબંદર, જૂનાગઢ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદને પગલે અનેક વિસ્તારો માં પાણી ભરાયા છે,ધોરાજી તાલુકા ના છાડવાવદર ગામમાં છેલ્લા ત્રણ કલાકની અંદર ૧૨ ઈંચ વરસાદ નોંધાતા ગામ બેટમાં ફેરવાયુ હતુ બીજી તરફ સૌરાષ્ટ્રમાં શનિવારે પણ અનેક વિસ્તારોમા વરસાદ બાદ સ્થિતી વધુ ખરાબ બની છે અને કેટલાય જીલ્લા જળમગ્ન બન્યા છે. અતિભારે વરસાદ મુદ્દે રાહત કમિશનરે નિવેદન આપ્યું હતુ કે સૌરાષ્ટ્રમાંથી ૪૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. સાથે વહીવટી તંત્ર દ્વારા ૪૫થી વધુ લોકોનું રેસ્કયૂ કરવામાં આવ્યા છે. અતિભારે વરસાદના પગલે ૫૭ ગામનો સંપર્ક વિહોણા બન્યા છે. સૌરાષ્ટ્રના ૩૫૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. આ ઉપરાંત આશરે ૨૦૯ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. રાજ્યના કુલ ૧૩ ડેમ હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યા છે.

ભારે વરસાદના પગલે મુખ્યપ્રધાન, મુખ્ય સચિવ સહિતના અધિકારીઓની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યાં છે. બચાવ અને રાહત સામગ્રી પહોંચાડવાના પ્રયાસ ચાલુ કરવામાં આવ્યા છે. તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી માટે એનડીઆરએફ ની ટીમ તૈનાત કરવામાં આવી છે. પોરબંદરમાં ૨૪ ઈંચ, કલ્યાણપુર માં ૧૮ ઈંચ, દ્વારકામાં ૧૩ ઈંચ, કેશોદમાં ૧૪ ઈંચ વરસાદ પડ્યો છે.જેને કારણે જળબંબાકારની સ્થિતી છે જે બાદ પુર અને રાહતની કામગીરી શરૂ કરી દેવાઇ છે. અને રાજ્યના ઉચ્ચ અધિકારી અને સરકારના વરિષ્ટ આગેવાનો તેના પર નજર રાખી રહ્યા છે.

ચીનમાં મૂશળધાર વરસાદમાં પુલ ધરાશાયી, ૧૧ લોકોનાં મોત

ઉત્તરી ચીનના શાંક્સી પ્રાંતમાં સ્થિત શાંગલુઓમાં વરસાદના કારણે એક પુલ તૂટી પડ્યો હતો, જેમાં લગભગ ૧૧ લોકોનાં મોત થયા હતા. મળતી માહિતી અનુસાર, આ પુલ રાત્રે લગભગ ૮.૪૦ વાગ્યે મૂશળધાર વરસાદ અને પૂરના કારણે તૂટી પડ્યો હતો. જો કે આના લીધે આસપાસના વિસ્તારમાં ભારે ડરનો માહોલ છે. ઘટનાસ્થળે પોલીસ અને બચાવની ટીમ આવી કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, પુલ તૂટી પડયો તે સમયે તે પુલ પર ખૂબ જ ટ્રાફિક હતો, જેના કારણે પુલ ધરાશાયી થતાં જ તેના પર આવતા-જતા લોકો પોતાના વાહનો સહિત પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના કારણે લોકોના મોત થયા હતા. ૨૦ જુલાઈની સવારે, રેસ્ક્યુ ટીમે નદીમાં પડી ગયેલા ૫ વાહનોને બહાર કાઢ્યા હતા જે બચાવ કાર્ય કરી રહી છે. ગત ૧૬ જુલાઈથી ઉત્તર અને મધ્ય ચીનના મોટા વિસ્તારમાં અનરાધાર વરસાદ ખાબકી કર્યો છે. જેનાથી આ વિસ્તારો માં ખૂબ નુકસાન થયું છે. ચીન દેશના ટીવી પર દેખાડાઈ રહેલા દ્રશ્યોમાં એવું જોવા મળી રહ્યું છે કે પુલનો કેટલોક ભાગ પાણીમાં ડૂબેલો છે. આ ઘટના સિવાય પણ ચીનમાં થઈ રહેલા ભારે વરસાદથી ચીનમાં નુકસાન થયું છે. બ્રિજ ધરાશાયી થતા આઠ લોકોનાં મોત થયા છે, આ સિવાય ચીનના શાંક્સીના બાઓજી શહેરમાં વરસાદ થતા પૂર અને ભૂસ્ખલન સર્જાયું છે. જેથી ખૂબ નુકસાન થયું છે. આના લીધે ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા છે તેમજ આઠ લોકો ગુમ થયા છે.

સમગ્ર બાંગ્લાદેશમાં કર્ફ્યુ, અત્યાર સુધીમાં ૧૦૫ લોકોના મોત

બાંગ્લાદેશમાં આરક્ષણને લઈને ચાલી રહેલો વિરોધ હવે સંપૂર્ણપણે હિંસક બની ગયો છે. પ્રદર્શનકારીઓ દ્વારા મોટા પાયે આગચંપી, પથ્થરમારો અને તોડફોડની ઘટનાઓ બની છે. બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા દિવસોથી આ આંદોલન ચાલી રહ્યું છે અને આ આંદોલન મુખ્યત્વે સરકારી નોકરીઓમાં અનામતના વિરોધમાં છે. પરિસ્થિતિ વધુ ખરાબ બની એ માટે શુક્રવારે એટલે કે ગઈકાલે સમગ્ર દેશમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. એવામાં હોસ્પિટલના અધિકારીઓ પાસેથી મળેલી માહિતીના આધારે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ચાલી રહેલી અથડામણમાં લગભગ ૧૦૫ લોકોના મોત થયા છે. વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા ચાલી રહેલો આ વિરોધ શાસક સરકાર માટે એક મોટા સંકટ તરીકે ઉભરી આવ્યો છે. આ વિરોધ શેખ હસીના માટે તેમના ૧૫ વર્ષના કાર્યકાળમાં મોટો પડકાર બની ગયો છે. શેખ હસીનાના જણાવ્યું હતું કે, "સરકારે કર્ફ્યુ લાદવાનો અને હિંસા રોકવામાં મદદ કરવા સેના તૈનાત કરવાનો નિર્ણય લીધો છે." સાથે જ એમ પણ કહ્યું કે કર્ફ્યુ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવશે. હવે પ્રશ્ન એ થાય કે આ વિરોધ કેમ છે તો વર્તમાન આરક્ષણ પ્રણાલી હેઠળ, બાંગ્લાદેશમાં ૫૬ ટકા સરકારી નોકરીઓ આરક્ષિત છે, જેમાંથી ૩૦ ટકા ૧૯૭૧ના મુક્તિ સંગ્રામના સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજો માટે, ૧૦ ટકા પછાત વહીવટી જિલ્લાઓ માટે, ૧૦ ટકા મહિલાઓ માટે, ૫ ટકા વંશીય લઘુમતી જૂથો માટે અને ૧ ટકા અપંગ વ્યક્તિઓ માટે આરક્ષિત છે.

જાપાનમાં ફરી એકવાર કોરોનાના વધતા કેસોએ લોકોને ડરાવી દીધા

કોરોનાએ આખી દુનિયામાં સર્જેલી ભયાવહ તસવીર કોને યાદ નથી? ભલે લોકોના મનમાંથી કોરોનાનો ડર દૂર થઈ ગયો હોય, પણ કોવિડ-૧૯ પોતાની હાજરીથી લોકોને ડરાવવા વારંવાર ફરીને આવે છે. જાપાનમાં ફરી એકવાર કોરોનાના વધતા કેસોએ લોકોને ડરાવી દીધા છે. આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, જાપાન એક નવા અને અત્યંત ચેપી કોરોનાવાયરસના પ્રકોપ સામે લડી રહ્યું છે. જાપાન ચેપી રોગ એસોસિએશનના પ્રમુખ કાઝુહિરો ટાટેડાના જણાવ્યા અનુસાર કેપી.૩ પ્રકાર જાપાનમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. તે લોકોમાં પણ જોવા મળી રહ્યો છે, જેમને રસી આપવામાં આવી છે અથવા અગાઉના ચેપમાંથી સ્વસ્થ થયા છે. ટાટેડાએ આ દિસ વીક એશિયામાં જણાવ્યું કે, "કમનસીબે, વાયરસ જ્યારે પણ બદલાય છે ત્યારે તે વધુ ખતરનાક અને વધુ પ્રતિરોધક બને છે, લોકો રસીકરણ પછી ખૂબ જ ઝડપથી તેમની રોગપ્રતિકારક શક્તિ ગુમાવે છે, તેથી તેમની પાસે વાયરસ સામે ઓછો અથવા કોઈ પ્રતિકાર કરવાની ક્ષમતા હોતી નથી." મહામારીની શરૂઆતમાં રચાયેલી જાપાનની સલાહકાર પેનલમાં જોડાયેલા ટાટેડાએ જણાવ્યું હતું કે, આવતા અઠવાડિયા નિર્ણાયક હશે, કારણ કે અધિકારીઓ વેરિન્સના ફેલાવા અને અસર પર નજર રાખે છે.

દેશના અનેક રાજ્યોમાં પુર જેવી સ્થિતી

ગુજરાતના પોરબંદરમાં ગુરુવાર-શુક્રવારના રોજ ૩૬ કલાકમાં ૨૨ ઈંચ વરસાદ થયો. જેનાથી નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા. જેથી ગુજરાતમા જળબંબાકારની સ્થિતી છે તે વચ્ચે બીજી તરફ ઉત્તરભારતમાં બહરાઇચમાં ઘાઘરા નદી,ગંગા નદી સહિતના નદીઓમાં જળસ્તર વધતા મુશ્કેલી ફેલાઇ છે. વારાણસીના ઘાટ પર એનડીઆરએફ ને તૈનાત કરાઇ છે. અરુણાચલ પ્રદેશના કુરુંગ કુમે જિલ્લામાં ભૂસ્ખલનને કારણે ગામડાઓ સંપર્કવિહોણા થયા છે.આ સાથે લાખો લોકો હાલ પુર પ્રભાવીત બન્યા છે અને હજુ પણ અનેક રાજ્યોમાં વરસાદના એલર્ટને કારણે તંત્ર એલર્ટમાં છે. અનેક નદીઓના જળસ્તર વધ્યા બાદ રાજ્ય તથા કેન્દ્ર સરકાર એલર્ટ બની છે. અત્યાર સુધી વરસાદ અને વિજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં ૨૦૦થી વધુ લોકોના દેશમાં મોત થયા છે. ત્યારે વધુ વરસાદ હજુ વિનાશ વરશે. ઉત્તરપ્રદેશમાં પડેલા ભારે વરસાદ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં હવાઇ નિરીક્ષણ કરવા સાથે વરસાદ બાદ ઉભી થયેલી સ્થિતી તથા અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પહોચ્યા હતા લોકોને રાહત સામગ્રી વિતરણ સાથે અધિકારીઓ પાસેથી વર્તમાન સ્થિતી અંગે માહિતી મેળવી બેઠકો યોજવામાં આવી હતી.

ગુજરાતમાં ૧૬ ડેમ હાઈએલર્ટ પર

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૫ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૮૩,૬૬૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૫ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે આ સિવાય રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૨,૧૨,૧૫૬ એમ. સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૭.૮૭ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ,જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.અહેવાલ મુજબ રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૧૬ જળાશયો સંપૂર્ણ છલકાયા છે. જેમાં જામનગર જિલ્લાનો વાગડીયા, સસોઈ-૨, ફુલઝર-૧, રૂપારેલ, ઉંડ-૩, ફુલઝર-૨, ડાય-મિનસર, વોડીસંગ ડેમ, પ ોરબંદરના અડવાણા, કાલીન્દ્રી, સોરઠી અને ફોદારનેશ ડેમ, દેવભૂમિ દ્વારકાના સિંધાણી, સુરેન્દ્રનગરના વાંસલ, કચ્છના કારાધોધા તથા રોજકોટ જિલ્લાના ફોફળ-૧ ડેમ ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે.આ સિવાય રાજ્યના ૩૬ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે.આ ઉપ રાંત સરદાર સરોવર સહિત ૨૫ ડેમ ૫૦થી ૭૦ ટકા ભરાતા

વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૫૨ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૨.૦૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૯.૮૬ ટકા,મધ્ય ગુજરાતના ૧૭માં ૩૬.૩૭, કચ્છના ૨૦માં ૨૮.૩૬ તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૬.૬૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે જામનગરમાં સારા વરસાદના પગલે ૧૪ જેટ- લા જળાશયો છલકાયા છે. જિલ્લાના કુલ ૨૫ માંથી ૧૪ જેટલા જળાશયો પાણીથી છલોછલ થયા છે. નદીના પટમાં અવર-જવર ન કરવાં તેમજ ઢોર ઢાંખર ન લઈ જવા કડક સુચના અપાઈ છે.

મુંબઈમાં અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ

મુંબઈ, તા.૨૦

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના પગલે કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ૨૦ જુલાઈ સવારથી જ મુશળધાર વરસાદ શરૂ થયો છે. ભારે વરસાદને પગલે અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ થયા હતા. રસ્તાઓ પર વરસાદના પાણી ફરી વળતા વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ સેવા પર પણ અસર જોવા મળી હતી.અનરાધાર વરસાદથી માયાનગરી મુંબઈ પાણી-પાણી થઈ ગયું હતું. શહેરમાં અનેક લોકોના ઘરોમાં પણ-પાણી ઘુસી ગયા છે. વરસાદ વચ્ચે હવમાન વિભાગએ મુંબઈમાં ૨૧ જુલાઈ મધ્યમથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. મુંબઈ માટે આગામી બે દિવસ ૨૧ અને ૨૨ જુલાઈ ભારે વરસાદની શક્યતા છે. તેમજ ૨૦ જુલાઈની રાત્રે લગભગ ૯ વાગ્યે હાઈટાઈડની ચેતવણી પણ જાહેર કરવામાં આવી છે. દરિયાકાંઠે ૧૦ ફૂટથી વધુ ઊંચા મોજાં ઉછળવાની અપેક્ષા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ચેતવણી

આપવામાં આવી છે. બંગાળની ખાડીનું લો પ્રેશર ૨૧-૨૨ જુલાઈ સુધીમાં ઘટવાની સંભાવના છે. જોકે, મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં આગામી ૪-૫ દિવસમાં એટલે કે ૨૫-૨૬ જુલાઈ સુધી મધ્યમ વરસાદ ચાલુ રહેશે.મુંબઈ જુલાઈમાં માસિક વરસાદનો મોટો રેકો- ર્ડ બનવા તરફ આગળ વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. મુંબઈ ઉપરાંત નાગપુરમાં વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે.

ઈડીએ મુંબઈની નાદાર કંપનીના ભૂતપૂર્વ CMDની ધરપકડ કરી

મુંબઈ, તા.૨૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ મંધાના ઈન્ડસ્ટ્રીઝના ભૂતપૂર્વ ચેરમેન અને MDની ધરપકડ કરી છે. બેંક ઓફ બરોડામાંથી રૂ. ૯૭૫ કરોડની લોન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ તેમની ધરપકડ કરી છે. ધરપકડ બાદ તેને શુક્રવારે જ PMLA કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી કોર્ટે તેને છ દિવસ માટે ઈડી કસ્ટડીમાં મોકલી દીધો હતો.રૂ. ૯૭૫ કરોડથી વધુની કથિત બેંક લોન છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની તેની તપાસના ભાગરૂપે ઈડીએ મુંબઈ સ્થિત નાદાર કંપનીના ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પુરુષોત્તમ છગનલાલ મંધાનાની ધરપકડ કરીછે.ગુરુવારેધરપકડકરાયેલાપુરુષોત્તમ મંધાના મંધાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએમડી છે, જે ફડચામાં ગઈ છે અને હવે તે જીબી ગ્લોબલ લિમિટેડ તરીકે ઓળખાય છે. શુક્રવારે સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને છ દિવસ માટે ઈઢ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.બેન્ક ઓફ બરોડા દ્વારા રૂ. ૯૭૫.૦૮ કરોડની છેતરપિંડી કરવાની ફરિયાદ પર સીબીઆઈની બેન્ક ળોડ એન્ડ સિક્યુરિટી બ્રાન્ચ દ્વારા દાખલ કરવામાં આવેલી FIRના આધારે ઈડીએ પુરુષોત્તમ મંધાના, મનીષ મંધાના, બિહારીલાલ મંધાના અને અન્યની તપાસ શરૂ કરી હતી .ઈડીના જણાવ્યા અનુસાર, મંધાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેના ડિરેક્ટરોએ કથિત રીતે બેંકોને નુકસાન પહોંચાડવા અને કપટપૂર્ણ વ્યવહારો અને પરિપત્ર ટ્રેડિંગ દ્વારા જાહેર નાણાંને ડાયવર્ટ કરીને પોતાને માટે કથિત રીતે કથિત રીતે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. આ કેસમાં સીબીઆઈએ હજુ સુધી કોઈ ચાર્જશીટ દાખલ કરી નથી.ઈડીએ આરોપ લગાવ્યો હતો કે પુરુષોત્તમ મંધાનાએ તેમના કર્મચારીઓના નામ પર એક જ હેતુ સાથે અનેક શેલ એન્ટિટીનો સમાવેશ કર્યો હતો અને લોનના નાણાં સહિત મંધાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ભંડોળને ડાયવર્ટ કરવા માટે આવી સંસ્થાઓનો ઉપયોગ કર્યો હતો.

કચ્છ સરહદે વિકટ પરિસ્થિતિમાં બે જવાનોએ જીવ ગુમાવ્યા !

કચ્છ બોર્ડરની વિકટ પરિસ્થિતી,અસહ્ય ઉકળાટ વચ્ચે ફરજ પર ગયેલા જવાનો પૈકી બે જવાનોના ડીહાઇડ્રેશન કારણે મોત થયા હતા.દલદલી વિસ્તારમાં ફસાયા બાદ પાણી ખુંટતા મુશ્કેલ સ્થિતી ઉભી થઇ હતી ટીમ પહોંચી પણ મદદ ન મળી શકી સારવાર મળે તે પહેલાજ બે બહાદુર જવાનો મોતને ભેટ્યા ઉચ્ચ સ્તરીય તપાસ થશે

વોશિંગ્ટન, તા.૧૯

કચ્છ સરહદે વિકટ પરિસ્થિતિમાં દેશના સુરક્ષા જવાનો ફરજ બજાવે છે.અને તે કોઇ નવી વાત નથી અગાઉ પણ અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં મુશ્કેલ સ્થિતીમાં જવાનો પોતાની ફરજ નિષ્ઠા પુર્વક બજાવતા હોય જો કે આવી સ્થિતી ક્યારેક જીવલેણ પણ સાબિત થાય છે. અગાઉ બોટ તથા જવાનો દલદલી વિસ્તાર અને ત્યાની સ્થિતીને કારણે મુશ્કેલીમા મુકાયા હોય અથવા મોતને ભેટ્યા હોય કીક વિસ્તારમાં કાદવમાં ઘૂંટણ સુધી જઈ જવાનો પેટ્રોલીંગ કરતા હોય છે ત્યારે ઘણી વખત સાપ, કાચીંડા સહિતના જીવ જંતુઓ કરડી જવાની ઘટનાઓ સામે આવી છે. ત્યારે ગુરૂવારે કાદવમાં ફસાઈ જવાના કારણે મુળ બિહારના હાલે બોર્ડર આઉટ પોસ્ટ પીલ્લર નંબર ૧૧૩૬માં

આસીસ્ટન્ટ કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવતા બિશ્વાદેવા રમણનાથ ઝા અને ઉત્તરાખંડના હાલે બીએસએફ માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૪૯ વર્ષિય દયાલરામ બસ્તનરામનું મોત થયુ છે. જેથી સમગ્ર જિલ્લાના સુરક્ષાદળોમાં અરેરાટી સાથે શોક ફેલાયો છે. ગુરૂવારે બીએસએફની ૧૧૩૬ આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા જવાનો પેટ્રોલીંગમાં નિકળ્યા હતા. છ જેટલા જવાનો અટ્ટપટ્ટી ક્રીકમાં પેટ્રોલીંગમાં નિકળ્યા હતા. જેમાં પરત ફરતી વખતે ત્રણ જેટલા જવાનોના પગ કાદવમાં ખૂંપી ગયા હતા અન્ય સાથી જવાનોએ તેઓને બહાર કાઢવાની કોશિષ કરી પરંતુ અનેક પ્રયત્નો છતાં સફળતા મળી ન હતી સાથે લઇ જવાયેલો પાણીનો જથ્થો પણ ખુટી પડયો બફારા વચ્ચે કાદવમાં ફસાયા બાદ જવાનોને ડીહાઇડ્રેશનની અસર થઇ હતી જેથી બેહોશ થઈ ગયા હતા.ઉપરી અધિકારીને જાણ થતા અન્ય જવાનો સ્થળ પર મદદ માટે દોડી ગયા હતા. અને તેમને સારવાર માટે ખસેડ્યા હતા પ્રાથમિક ઉપચાર માટે ખાવડા સીએચસીમાં લઈ જવાયા હતા પંરતુ તેને ફરજ પરના તબિબે મૃત જાહેર કર્યા હતા શુક્રવારે સવારે પીએમ સહિતની ગતિવિધિ માટે ભુજ જનરલ હોસ્પિટલમાં પાર્થીવ દેહને લવાયા હતા અને જરૂરી મેડકીલ કાર્યવાહી કરાઇ હતી. બનાવને પગલે હોસ્પિટલમાં બીએસએફ ના ઉચ્ચાધિકારીઓ પહોંચી આવ્યા હતા.જો કે સરહદમાં ફરજ દરમ્યાન આ રીતે જવાનના મોતની ઘટનાની હવે ઉચ્ચ સ્તરીય તપાસ પણ થશે આજે બે જવાનોના મોતથી સમગ્ર બીએસએફ પરિવારમાં શોકની લાગણી ફેલાઇ હતી.

કચ્છ સરહદે મૃત્યુ પામેલા બે જવાનોના મોત મામલે આમ આદમી પાર્ટીના નેતા ઇસુદાન ગઢવીએ એક ટીવી ઇન્ટરવ્યુમાં તાત્કાલીક જવાનોના પરિવારને એક કરોડની સહાય મળે તેવી માંગ કરી હતી. કચ્છ સરહદે જવાનો દૈનીક આવી મુશ્કેલ સ્થિતી વચ્ચે કામ કરતા હોય છે ત્યારે હવે આવી દુર્ઘટનામાં જવાનો મોતને ન ભેટે તે માટે પણ કામ થાય તે જરૂરી છે. દુર્ગમ વિસ્તારમાં જવાનો માટે વધુ સુવિદ્યા ઉભી કરાય તે સમયની માંગ છે.

હું સત્તામાં આવ્યો તો મુંબઈને અદાણી સિટી નહીં બનવા દઉં : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્રમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી અંગે તમામ રાજકીય પક્ષો અથાક પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે શિવસેના (ઉદ્ધવ જૂથ)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે મોટી જાહેરાત કરતા કહ્યું હતું કે 'જો અમારો પક્ષ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી બાદ સત્તામાં આવશે, તો અમારી સરકાર મુંબઈમાં ધારાવી રિડેવલપમેન્ટ માટે અદાણીનો પ્રોજેક્ટ રદ કરશ

આજનું રાશિફળ

મેષ :
આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુ-કનવંતો દિવસ છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે. આ રાશિ ના લોકોએ આજે ??પોતાને માટે સમય લેવા ની જરૂર છે, જો તમે આ નહીં કરો તો તમને માનસિક મુશ્કેલીઓ આવી શકે છે.

વૃષભ :
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો. આજે હવામાન નો મૂડ એવો રહેશે કે તમે પથારી માં થી ઉભા થઈ શકશો નહીં.

મિથુન :
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે. ધાર્યા પરિણામો આપવા માટે તમારે તમારા પ્રયાસોને કેન્દ્રિત કરવાની જરૂર છે.

કર્ક :
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરાપૂર્વક તમારી રાહ જોઈ રહી છે.

સિંહ :
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઇમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

કન્યા :
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે રોમાન્?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે. ચંદ્રમા ની સ્થિતિ ને જોતા, એમ કહી શકાય કે આજે તમારી પાસે ખુબ મફત સમય રહેશે, પરંતુ તે પછી પણ તમે જે કામ કરવા નું હતું તે કરી શકશો નહીં.

તુલા :
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણ પણે તમારો સાથ આપશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.

વૃશ્ચિક :
આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા એ ખરેખર તો તમારો શુભચિંતક છે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમય માં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે. તમારો મિજાજ બગડેલો હોવાથી તમે તમારા જીવનસાથીથી ચીડાયેલા રહેશો.

ધન :
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે. કોઈ પણ સંજોગો માં, તમારે તમારા સમય ની કાળજી લેવી જોઈએ. યાદ રાખો, જો તમે સમય ની કદર ન કરો તો તે ફક્ત તમને નુકસાન કરશે. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

મકર :
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આજના દિવસે હાથમાં લેવાયેલું બાંધકામ તમારા સંતોષ મુજબ પૂરૂં થશે. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

કુંભ :
આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. તમારા પ્રિયપાત્ર સાથે કેન્ડીફ્લોસ તથા ટોફી શેર કરશો એવી શક્યતા જોવાય છે. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. તમારે જે સંબંધો ને મહત્ત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પ ડશે, નહીં તો સંબંધ તૂટી શકે છે. એવું જણાય છે કે તમને તમારા જીવનસાથી તરફથી વિશેષ ધ્યાન મળશે.

મીન :
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કાનું ટેન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

એલ.એલ.ડી.સી.ખાતે નવા શો 'વાત એક ભરતકામ શૈલીની' નો પ્રારંભ

ભુજ તા.૨૦

ભુજ નજીક અજરખપુરમાં આવેલ લિવિંગ એન્ડ લર્નિંગ ડીઝાઈન સેન્ટર (એલ.એલ.ડી.સી. ક્રાફ્ટ મ્યુઝિયમ) ખાતે તા. ૧૭/૦૭ ના ઈન્સ્પિરેશન ગેલેરીમાં નવો શો "વાત એક ભરતકામ શૈલીની" ખુલ્લો મૂકવામાં આવ્યો છે. જેમાં કચ્છમાં વસવાટ કરતી અલગ-અલગ કોમ્યુનિટી દ્વારા ભરવામાં આવતા "બાવળિયો ભરતકામ (ઈન્ટર લેસ સ્ટીચ)" ને પ્રદર્શિત કરવામાં આવ્યું છે, આ ગેલેરીના નવા પ્રદર્શિત કરવામાં આવેલ શો જુલાઈ '૨૪ થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી "બાવળિયો" ભરતકામના ઉત્કૃષ્ટ નમુનાઓને જાહેર જનતા નિહાળી શકશે. એલ. એલ.ડી.સી મ્યુઝિયમ ખાતે કચ્છના વિવિધ હસ્તકળાઓના કારીગરોને સમર્પિત 'ઈન્સ્પીરેશન ગેલેરી (પ્રેરણા ગેલેરી) માં દર ચાર મહીને બદલાતા પ્રદર્શનોમાં દુનિયાભરની હસ્તકળાઓ પ્રદર્શિત કરવામાં આવતી હોય છે.

જેમાં આ વખતે સામાન્ય ભાષામાં "બાવળિયો" તરીકે ઓળખાતી એક ભરતકામ શૈલીના પરંપરાગત નમૂનાઓ અને તેમાંથી પ્રેરણા પામેલા નવીનતા સભર નમૂનાઓને મૂકવામાં આવ્યા છે. આ નવા શો અંતર્ગત કચ્છના વિવિધ સમુદાયોના કારીગરો સાથે એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો ઉદ્દેશ્ય કચ્છના વિવિધ સમુદાયો (મૃતવા, આહીર, ગુર્જર, સોઢા, જાડેજા, મારવાડા, મેઘવાળ-મારુ વિગેરે) દ્વારા ભરવામાં આવતું અને અલગ-અલગ નામ (ગોતાવ, બાવળિયો, હોરમજી, હુરમજ, હરમજી અને નાકારું) થી પ્રચલિત એવા "બાવળિયો (ઈન્ટર લેસ)" ભરતકામની ભરવાની રીતોને ઉજાગર કરવાનો છે આ વર્કશોપમાં વિવિધ કોમના કારીગરો જોડાયા હતા અને પોતાની કોમના ભરતકામની શૈલીઓનું આદાન પ્રદાન કર્યું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અમીબેન શ્રોફ દ્વારા પ ોતાના પ્રાસંગિક ઉદબોધનમાં આ પારંપરિક હસ્તકળા આજની નવી પેઢી શીખે અને તેને જાળવી રાખે અને તેમાં નવીનતા લાવવાના પોતાના વિચારો રજૂ કરાયા હતા. બાવળિયો ભરતકામના વિવિધ કોમના બેનમૂન નમૂનાઓને જોવા માણવાનો અપૂર્વ અવસર આ ગેલેરીમાં હવેથી ઉપલબ્ધ થશે, સાથોસાથ વિવિધ પ્રોડક્ટ્સ અને ડીઝાઈન ક્ષેત્રે પણ તેમણે કરેલા નવા નવા ઈનોવેશન્સ નવી પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે. આ વર્કશોપનું આયોજન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અમીબેન શ્રોફ અને રિસર્ચ વિભાગના હેડ વિશાલ મકવાણાના માર્ગદર્શન હેઠળ શ્રધ્ધા ઠક્કર, અવની ગૌર અને સ્ટાફ વગેરેએ કર્યું હોવાનું સંસ્થાના પી.આર. એન્ડ ઈવેંટ્સ હેડ મહેશ ગોસ્વામી ની યાદીમાં જણાવાયું હતું.

'બાવળિયો' ભરતકામના ઉત્કૃષ્ટ નમૂના સપ્ટેમ્બર'૨૪ સુધી જોવા મળશે

બિયારણ, ખાતર, દવાઓની ખરીદી અધિકૃત વિક્રેતાઓ પાસેથી કરવી

ભુજ તા.૨૦

રાજ્યના તમામ ખેડૂતોને ચોમાસાની સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે ખેતીવાડી વિભાગ દ્વારા માર્ગદર્શન આપ વામાં આવ્યું છે. જે મુજબ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થા ઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય એવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ખેતી માટે જરૂરી વિવિધ ઈનપુટોની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય.બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરું નામ,સરનામું, ખરીદેલા ઈનપ ુટનું નામ, લોટ નંબર વગેરે વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પુરી થઈ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહીં. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો. પાકને નિંદામણ મુક્ત રાખવો જેથી નિંદામણને કારણે પાક પર થતી માઠી અસર નિવારી શકાય. અનઅધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થઈ રહ્યા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ને જાણ કરવી. ખરીદેલા બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપ યોગને લીધે ઉભા પાકમાં કોઈ ફરિયાદ જણાય તો આવી ફરિયાદના નિવારણ અર્થે સરકારશ્રી દ્વારા જિલ્લાકક્ષાની ઉભા પાકની કમિટીની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષ જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારી છે તથા સભ્ય તરીકે જે તે જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) તથા કૃષિ યુનિવર્સીટી કૃષિ નિષ્ણાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉભા પાકની ફરિયાદ માટે અરજદાર દ્વારા સબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને ફરિયાદ કરવાની રહે છે તથા ફરિયાદના આધારે ઉભા પાકના સ્થળની કમિટી દ્વારા મુલાકાત કરી જે તે હકીકત હોય તે મુજબ નુકશાનીના અં-દાજ સાથે ખેડૂતને અહેવાલ આપવામાં આવે છે. જે ખેડૂતોને કાયદાકીય કાર્યવાહીમાં મદદરૂપ થાય છે.

આજે ગુરુ પૂર્ણિમા : ગુરુ પૂર્ણિમાના દિવસે વેદ વ્યાસજીની ખાસ પૂજાનુ મહત્વ

અષાઢ સુદ પૂર્ણિમા એટલે ગુરુ પૂર્ણિમા. આ વખતે ૨૧ જુલાઈ, ૨૦૨૪ ના રોજ ગુરુ પૂર્ણિમા મનાવવામાં આવશે. હિન્દુ ધર્મમાં ગુરુ પૂર્ણિમાનું ખૂબ મહત્વ રહેલું છે.ગુરુ પૂર્ણિમા (ઉચ્ચારઃ Guru Pūrṇimā, સંસ્કૃતઃ गुरु पूर्णमिा), હિંદુ અને બૌદ્ધ ધર્મમાં મનાવવામાં આવતો ઉત્સવ છે. આ દિવસે મુખ્યત્વે આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને પૂજન કરવામાં આવે છે. આ ઉત્સવ અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે મનાવવામાં આવે છે.

મિત્રો એક કથા અનુસાર મહર્ષિ વેદ વ્યાસ એ વેદ શીખવનાર પ્રથમ હતા. તેથી તેમને હિંદુ ધર્મમાં પ્રથમ ગુરુનો દરજ્જો આપવામાં આવ્યો. જો કે મહાજ્ઞાની વેદ વ્યાસજીના જન્મની વાત ખૂબ જ અદ્ભુત છે.દંતકથા અનુસાર એક વખત મહર્ષિ પરાશર વર્ષોની તપસ્યા બાદ નગરમાં પાછા આવે છે ત્યારે રસ્તામાં એક નદી આવે છે. જેને નાવમાં બેસીને ઓળંગવી પડે તેમ હતું. તેથી મહર્ષિ નાવની શોધમાં આગળ વધે છે. જ્યા મહર્ષિ પરાશરને નાવ સાથે એક રુપવતી કન્યા મત્સ્યગંધા મળે છે. જે મહર્ષિને નાવમાં બેસાડી સામા કિનારે લઈ જવા તૈયાર થાય છે. જો કે આ કન્યાના નામ મુજબ જ તેના શરીરમાંથી માછલીની ગંધ આવતી હતી.એ પછી આગળ જતા મહર્ષિ પરાશરે જ્યારે આ કન્યાને જોઈ ત્યારે તે જ સમયે તેઓ તેના પર મોહિત થઈ ગયા. અને કન્યાને કહ્યું કે હું, તને એક પુત્ર આપવા માગું છું. જે પરમજ્ઞાની હશે અને તેની માતા હોવાના કારણે તને હંમેશા આદર પણ મળશે. ત્યારે કન્યાએ કહ્યું કે હું કુંવારી છું અને એવામાં મારા માટે મા બનવું યોગ્ય નથી. વળી મારા શરીરમાંથી માછલીની ગંધ પણ આવે છે.

માટે હું તમારી પાસેથી પુત્ર મેળવવા યોગ્ય નથી. કન્યાની વિવશતા જોઈ મહર્ષિએ પોતાના તપોબળથી મત્સ્યગંધાને સુગંધા બનાવી દીધી.અને મહર્ષિએ કહ્યું કે, પુત્રને જન્મ આપ્યા પછી પણ તમારું કૌમાર્ય ભંગ નહિ થાય.એ પછી મત્સ્યગંધાને ગર્ભ બંધાય છે અને અષાઢી પૂર્ણિમાના દિવસે એક પરમજ્ઞાની પુત્રને જન્મ આપે છે. આ પુત્ર બીજું કોઈ નહિ પરંતુ મહર્ષિ વેદ વ્યાસજી હતા.વ્યાસજી નાની વયમાં જ માતાની આજ્ઞા લઈને તપસ્યા કરવા ચાલ્યા ગયા હતા. વ્યાસજી સંસ્કૃતના પ્રખંડ વિદ્વાન પણ હતા. તેમણે ચાર વેદો, મહાભારત સહિત અનેક મહાન ગ્રંથોની રચના કરી છે. આ સાથે કૃષ્ણ દ્વૈપાયન મહર્ષિ વેદ વ્યાસજીને ભગવાન વિષ્ણુના અંશાવતાર પણ માનવામાં આવે છે.

વધુમાં ગીતામાં શ્રીકૃષ્ણએ પણ કહ્યું છે કે, મુનિઓમાં હું વ્યાસ છું. તેથી ગુરુ પૂર્ણિમાના દિવસે વેદ વ્યાસજીની ખાસ પૂજા કરવામાં આવે છે. વ્યાસજી જન્મથી શ્યામ વર્ણના હોવાથી અને એક દ્વિપ પર જન્મ્યા હોવાથી તેઓ કૃષ્ણ દ્વૈપાયન પણ કહેવાયા.ગુરુ પૂર્ણિમાના દિવસે ભગવાન વિષ્ણુ અને મહર્ષિ વેદ વ્યાસની પૂજા કર્યા બાદ ચણાની દાળ, પીળી મીઠાઈ કે, પીળા વસ્ત્રોનું દાન કરવું જોઈએ. કેસરનું તિલક લગાવી આ દિવસે ગીતાના પાઠ પણ કરવા જોઈએ. વધુમાં લક્ષ્મીનારાયણ દેવને નારિયેળ ચઢાવવું પણ ખૂબ જ શુભ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે, આનાથી વ્યક્તિના જીવનમાં પ્રગતિ થાય છે અને દરેક કામમાં સફળતા પણ મળે છે. મહાભારતના રચયિતા વેદ વ્યાસનો જન્મદિવસ આ દિવસે હોવાથી તેમના સન્માનમાં ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા નામથી પણ ઓળખવામાં આવે છે.

સંત કબીરના શિષ્ય અને ભક્તિકાળના સંત ધીસાદાસનો જન્મ પણ આ જ દિવસે થયેલો. પ્રાચિન કાળમાં શિક્ષણ નિશુલ્ક હતુ. એ સમયમાં ગુરૂઓ પોતાના આશ્રમમાં શિષ્યોને તમામ પ્રકારનું શિક્ષણ પ્રદાન કરતા હતા. તેની ગુરૂ દક્ષિણા સ્વરૂપે શિષ્યો આ વ્યાસ પૂર્ણિમાએ પોતાની યથાશક્તિ દાન-દક્ષિણા આપી ઋણ મુક્ત થવાનો નમ્ર પ્રયાસ કરતાં હતાં. અન્ય ક્ષેત્રને બાદ કરતાં સંગીત અને કલા ક્ષેત્રમાં આજે કલિયુગમાં પણ ગુરૂ શિષ્યના સંબંધ એ સમય જેવા જ જોવા મળે છે. ગુરૂપૂર્ણિમાની ઉજવણી સમગ્ર ભારત દેશમાં કરવામાં આવે છે. તમામ આશ્રમોમાં, શાળાઓમાં, મંદિરોમાં, ગુરૂ સ્થાનોમાં ગુરૂમૂર્તિની પૂજા તેમજ ચરણ પાદૂકાની પંચોપચાર પૂજા થાય છે.

સાધક, શ્રદ્ધાળુઓ પવિત્ર નદીઓમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે. તે ઉપરાંત ગુરૂ પરંપરાને યાદ કરી તેમને નમન કરે છે. ગુરૂની પવિત્ર પ્રસાદી અને આશિર્વાદ સ્વરૂપ તમામ દેવમંદિરોમાં, આશ્રમોમાં પ્રસાદ ભંડારાનું આયોજન થાય છે.ભારતિય સંસ્કૃતિમાં ભગવાન કરતાં ગુરૂનું મહત્વ અધિક છે. ગુરૂ એટલે અંધકાર-અજ્ઞાનને દૂર કરનાર અને જીવનમાં પ્રકાશ ફેલાવનાર.ગુરૂ આપણા જીનવમાં અજ્ઞાનતા તેમજ અંધકાર દૂર કરી સાચી દિશાનું જ્ઞાન આપી પ્રભુના માર્ગે વાળવાનું કામ કરે છે. કહેવાય છે કે ગુરુ વિના જ્ઞાન નહીં અર્થાત જીવનનું અંતિમ લક્ષ મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રભુનું શરણ જરૂરી છે. પ્રભુનું શરણ ગુરૂ વિના સંભવ નથી. માટે આપણા ઘર સંસારરૂપી સાગરમાં જીવનની નૌકાને પાર કરાવનાર ગુરૂ એક માત્ર છે.

નેપાળમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી-નેપાળમાં બુદ્ધ પૂર્ણિમા તરીકે ઓળખાય છે. ત્રિલોક ગુહાપૂર્ણિમા પણ કહેવાય છે. શાળાના વિદ્યાર્થીઓ સ્કૂલમાં ખૂબ મોટો દિવસ મનાવે છે. વિદ્યાર્થીઓ સ્વદેશી વસ્તુમાંથી બનાવેલા કપડાં, માળા શિક્ષકોને અર્પણ કરીને ઋણ ચુકવે છે.જૈન અનુસાર આ દિવસથી ચાતૂરમાસ પ્રારંભ થાય છે. ૨૪માં તિર્થંકર મહાવીર સ્વામીએ કૈવલ્ય પ્રાપ્ત કરીને ઈન્દ્રભૂતિ ગૌતમ તરીકે ઓળખાયા. બાદમાં તેઓ ગૌતમસ્વામી તરીકે પ્રસિદ્ધ થયા. આ રીતે ત્રિલોક ગુહા બન્યા. તેથી આ પૂર્ણિમા ત્રિનોક ગુહા પૂર્ણિમા તરીકે ઓળખાય છે. બોદ્ધ ધર્મમાં આ દિવસે પ્રથમ ઉપદેશ ભારતના ઉત્તરપ્રદેશમાં સારનાથમાં અપાયો હતો. તેથી વિશેષ મહત્વ છે.

ડિજિટલ યુગમાં વ્યાપારની સરહદ અપારઃ ગાંધીધામમાં સેમીનાર

ભુજ તા.૨૦

આજના ડિજિટલ યુગમાં, સરકારી સેવાઓથી માંડીને નાના વ્યાપાર ઉદ્યોગો અને વ્યક્તિઓ પણ ડિજિટલ વ્યવહારોને સરળ બનાવી રહયા છે, ત્યારે સમાજના દરેક પાસાને સ્પર્શતી અને સામાન્ય લોકોને અસર કરતી ડિજિટલ વ્યાપારી સેવાને સરળ બનાવવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સે, સાપેડા સ્થિત એસ.આર.કે. શૈક્ષણિક સંસ્થાને સાથે રાખી નિષ્ણાતો દ્વારા આજના મોલ કલ્ચરમાં કચ્છભરના રીટેલર્સ અને ટ્રેડર્સને ટકી રહેવા માટે સતત ત્રીજી શ્રૃંખલાના ભાગરૂપે ટેનોક્લોજીના માધ્યમથી ગ્લોબલ વ્યાપાર કરવા અંગેના સેમીનારનું આયોજન કર્યુ હતુ આ અંગે સ્વાગત પ્રવચનમાં બહોળા વ્યાપારી સમુદાયને સંબોધતાં ચેમ્બર પ્રમુખ મહેશ પુજે જણાવ્યું હતું કે, આજના યુગમાં સામાન્ય વ્યાપારી પણ સ્માર્ટફોન ધરાવતો હોય તો વિવિધ એપ્સના માધ્યમથી તેમના વ્યાપારને વધારી આર્થિક રીતે સધ્ધર થઈ શકે છે. ચેમ્બરનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ સાક્ષરતા, સંસાધનો અને યોગ્ય પ્લેટફોર્મ પર ધ્યાન કેન્દ્રિત કરીને ખાસ કરીને કચ્છના નાના અને મધ્યમ વ્યાપારીઓને યોગ્ય પ્લેટફોર્મ પુરૂં પાડવાનો છે, જેથી સહુ કોઈ ડિજિટલી સશક્ત સમાજમાં પરિવર્તિત થઈ શકે.એસ.આર.કે. ઈન્સ્ટીટયુટના કેમ્પસ હેડ પ્રોફેસર સુરભી આહિરે જણાવેલ કે, અમારા આઈ.ટી. અને મેનજમેન્ટના નિષ્ણાતો ધ્વારા આ માટે ખાસ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે, જેથી વ્યાપારીઓ તેમના સંપર્ક વધારી ઓનલાઈન માર્કીંગ કરીને ટકી શકે. એ માટે જ તેને વધુમાં વધુ સરળ અને પારદર્શી બનાવવાની કોશિષ કરી છે. તે માટે ગાંધીધામ ચેમ્બરે કરેલ સળંગ આયોજન માટે આભાર વ્યક્ત કરી ચેમ્બરના પ્લેટફોર્મનો મહતમ લાભ ઉઠાવવા કચ્છ ભરના વ્યાપારીઓને અપીલ કરી હતી. એસ.આર.કે. ઈન્સ્ટીટયુટના પ્રિન્સીપાલ પ્રોફેસર નિર્દેશ ખુચ અને માર્કેટીંગ કન્સલટન્ટ સાજીદ મેમણે, વ્હોટસ- એપ ગ્રાફીક્સથી ડિઝાઈન, ઈન્સ્ટ-ાગ્રામ પર કેવી રીતે વ્યાપાર વધારવા અંગે તેમની પ્રોડક્ટનું માર્કેટીગ કરવું, તે દ્રશ્ય-શ્રાવ્યના માધ્યમથી સમજાવી, ગ્લોબલ અને લોકલના સમન્વયથી ગ્લોબલનું નવું સૂત્ર આપ્યું હતું. તેમજ રોજીંદા વ્યાપારમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો, તેમ જણાવી ઘર બેઠે પણ વ્યાપાર કેવી રીતે વધારી શકાય.

કચ્છના ખાસ આગવી ઓળખ ધરાવતા ઉત્પાદનોને દેશ-વિદેશમાં પ્રભાવિત કરવા દરેક ચીજને આસાન રાખવાની સલાહ આપી હતી. ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિથ-ણિએ કાર્યક્રમનું સંચાલન કરતાં જણાવ્યુ હતુ કે દરેકના સમયની કિંમત હોય છે ત્યારે તેનું વળતર પણ મળવું જ જોઈએ. આ માટે ડિજિટલ માર્કીંગની વ

FILMY ગપશપ

રિચા ચઢ્ઢા અને અલી ફઝલને ત્યાં દિકરીનો જન્મ

મુંબઈ, તા.૨૦

રિચા ચઢ્ઢા અને અલી ફઝલે ખુશી અને ઉત્સાહપૂર્વક પોતાના સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે તેમને ત્યાં ૧૬ જુલાઈએ દિકરીનો જન્મ થયો છે. ત્યારે આ કપલે તેમના પરિવાર પ્રત્યે તેમજ તેમના શુભેચ્છકોના પ્રેમ અને આશીર્વાદ બદલ દિલથી આભાર માન્યો હતો. રિચા અને અલીએ સોશિયલ મીડિયા પર એક ખાસ નોટ લખી, જેમાં લખ્યું,"અમારે ત્યાં ૧૬-૭-૨૪ના રોજ તંદુરસ્ત દિકરી આવી છે તે જાહેર કરતાં અમે ખુશીથી ગુલાબી થઈ ગયા છીએ. અમારા પરિવારનો હરખ માતો નથી અને અમે અમારા દરેક શુભચ્છકોનો પ્રેમ અને આશીર્વાદ બદલ દિલથી આભાર માનીએ છીએ. –રિચા ચઢ્ઢા અને અલી ફઝલ તરફથી પ્રેમ." આ પહેલાં ૧૪ જુલાઈએ રિચાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ દ્વાર પોતે આવનારા બાળકની રાહ જોઈને કેટલી આતુર છે તે અંગે પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. તેણે તેમાં ઉલ્લેખ કર્યો હતો કે, તેને ઘણી તકલીફ પડે છે પણ એ જ સમયે તેને ક્યારેય એકલવાયું લાગ્યું નથી. રિચાએ તેને કોઈ સાંભળી રહ્યું છે અને તેની આસપાસ કોઈની હાજરી છે તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી. તેણે લખ્યું હતું,"આ પરેશાની મારી એકલીની છે, પરંતુ તે હું એકલી નથી તેની છે. નાની ક્ષણો, નાની એચાનક વાગતી લાતો, કોઈ સાંભળતું હોય તેવી ભાવના અને એક નવી કળી ખીલવાના સતત થતાં રિમાઈન્ડર્સ મળતા રહે છે. હવે આવી જા યાર..." આ સાથે રિચા અને અલીએ તેમના પ્રેગનન્સી શૂટની તસવીરો શેર કરીને રિચાનો બેબી બમ્પ પણ બતાવ્યો હતો.

પાછળથી આ પોસ્ચની કમેન્ચ બંધ કરવામાં આવી હતી. થોડાં વખત પહેલાં એક ઈન્ટર્વ્યુમાં રિચાએ કહ્યું હતું કે તેણે આવનારા બાળક માટે પોતાના ઘરને ફરી ગોઠવ્યું છે અને તેને પહેલી વખત પોતે પ્રેગનેન્ટ છે તે ખબર પડી ત્યારે તેને એ વાત પચાવતાં જ એક અઠવાડિયું લાગ્યું હતું. રિચા અને અલીએ ૨૦૨૦માં સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્ગત લગ્ન કર્યા હતાં અને બાદમાં ૨૦૨૨માં તેમનાં આ લગ્નની ઉજવણી કરી હતી.

અભિનેત્રી તબુને પડદા પર ૩૦ વર્ષનું પાત્ર ભજવવું નથી

મુંબઈ, તા.૨૦

હાલ તબુની ફિલ્મ 'ઔરોં મેં કહાં દમ થા' આવી રહી છે, ત્યારે તેના પાત્ર અને તેની ઉમર વિશે કેટલીક ચર્ચાઓ ચાલી છે. તબુએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિાન ફિલ્મોમાં એજિઝમ અને સેક્સિઝમ વિશે વાત કરી હતી. એક તરફ ૫૦-૬૦ વર્ષની ઉંમરે પહોંચેલા અભિનેતાઓ આજે પણ ૩૦-૩૫ વર્ષની ઉમરના પાત્રો કરે છે, ત્યારે તબુ કહે છે કે તેને હવે પડદા પર ૩૦ વર્ષની છોકરીનો રોલ કરવો નથી. તેને એવા રોલ કરવા છે, જે તેની ઉમરને અનુરૂપ હોય. તબુએ આ અંગે કહ્યું,"હું એવી ફિલ્મોને ના પાડી દઈશ. મને નથી લાગતું કે હવે હું ૩૦ વર્ષના પાત્રો કરવા માટે તૈયાર છું. મારી પાસે મારી ઉમરને અનુરૂપ પાત્રો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી." ફિલ્મમાં યુવાન તબુનો રોલ સઈ માંજરેકર કરી રહી છે. ત્યારે ઉમરને અનુરૂપ પાત્રો પાછળના વિચાર અંગે તબ્બુએ કહ્યું,"જ્યારે ડી-એજિંગનો કન્સેપ્ટ નહોતો ત્યારે પણ કામ થતાં જ હતાં.

કલ્કિની સફળતા માટે અમિતાભે દર્શકોનો આભાર માન્યો

૩.૧૦૦૦ કરોડની ફિલ્મ પ્રભાસ માટે નવાઈની વાત નથી: બચ્ચન

મુંબઈ, તા.૨૦

નાગ અશ્વિનની 'કલ્કિ ૨૮૯૮ એડી' બોક્સ ઓફિસ પર બહુ સારી ચાલી રહી છે, જેમાં પ્રભાસ, દીપિકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન જેવા કલાકારોએ બહુ સારું કામ કર્યુ છે. આ ફિલ્મની સફળતા બાદ અમિતાભ બચ્ચન પોતે પ્રભાસના ફેન બની ગયા છે. છે.

ફિલ્મની ટીમ દ્વારા એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે, જેમાં બોક્સ ઓફિસ પર 'કલ્કિ ૨૮૯૮ એડી'ની સફળતા તેમના માટે પ્રભાસ કરતાં કઈ રીતે અલગ છે, અને તેમના માટે આ કઈ રીતે મહત્વનું છે તે અંગે વાત કરે છે. આ ફિલ્મમાં અમિતાભ અશ્વત્થામાનું પાત્ર ભજવે છે. તેમણે કહ્યું,"અમારી ફિલ્મ કલ્કિને ૧૦૦૦ કરોડથી પણ વધુ કમાણી સુધી પહોંચે તેટલી સરાહના અને સપોર્ટ આપવા માટે બધાં જ અદભૂત લોકોનો હું ખુબ આભારી છું. તે ઉપરાંત હું મારી સાથે આ ફિલ્મમાં જોડાયેલાં કલાકારો કમલ હાસન, પ્રભાસ, દીપિકા, જેમણે મને તેમની સાથે કામ કરવાનું ગૌરવ અપાવ્યું, તેમનો પણ આભાર માનવા માગુ છું." આગળ તેમણે કહ્યું, "પ્રભાસ માટે આ કદાચ રોજનું હશે, કારણ કે એની ઘણી ફિલ્મોએ ૧૦૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે.

પરંતુ મારા માટે, હું કલ્કિ જેવા એક વિશાળ પ્રોજેક્ટનો ભાગ હોવાથી બધાનો ઋણી છું. હું આ ફિલ્મ ચાર વખત જોઈ ચૂક્યો છું અને દરેક વખતે મને કશુંક નવું જોવા મળ્યું છે, કશુંક એવું જે પહેલી વખતમાં હું ચૂકી ગયો હોઉં." તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કમલ હસને અમિતાભ બચ્ચનના વખાણ કર્યા હતાં. તેણે કહ્યું,"મને સમજાતું નથી કે મારે તેમને એક પીઢ કલાકાર ગણવા કે કોઈ નવો કલાકાર. તેમણે એ રીતે આ ફિલ્મ કરી છે. એવું લાગે છે કે ફિલ્મ બાળકો માટે બનાવવામાં આવી છે. હવે એવું ન પૂછશો કે એક સફેદ વાળવાળો માણસ એ કઈ રીતે માણે છે. આ ફિલ્મ તમને એવા બાળકની યાદ અપાવે છે જે દરેક પુખ્ત વ્યક્તિની અંદર રહેલું છે. આ એક બહુ સારો પ્રયત્ન છે, અને હું આ ફિલ્મનો ભાગ બનીને બહુ ખુશ છું. હું ખુશ છું કે આ સફર હજુ આગળ વધવાની છે."

અભિનયમાં ચીટિંગ કરવાનો નવાઝુદ્દીન સિદ્દીકીને અફસોસ

મુંબઈ, તા.૨૦

નવાઝુદ્દીન સિદ્દીકી જેવા કલાકારને ફિલ્મના દર્શકો તેના અભિનય અને ફિલ્મોની પસંદગી માટે ઓળખે છે, તેના ફૅન્સ માને છે કે નવાઝુદ્દીનને કામમાં પૈસાને બહુ મહત્વ આપતા નથી. ત્યારે નવાઝુદ્દીને તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે, સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઘણુ વધારે વળતર આપે છે. તેથી તે સાઉથની ફિલ્મો કરે છે, પરંતુ તેમાં એક્ટિંગ બાબતેચીટિંગ કરતો હોઉં તેમ લાગે છે. તેને લાગે છે કે સાઉથની ફિલ્મોમાં તેનું પોતાના પાત્ર પર કોઈ નિયંત્રણ હોતું નથી, તેમજ તેની ડાયલોગ સમજાવવા માટે તેને સ્થાનિક લોકોની મદદની જરૂર પડે છે તેથી તે અભિનયમાં ચીટિંગ કરતો હોય તેવું લાગે છે.

નવાઝેસાઉથમાં રજનીકાંત અને વેંકટેશની ફિલ્મોમાં કામ કર્યુ છે, તે અંગે તેણે કહ્યું,"જ્યારે હું 'રમણ રાઘવ' જેવી ફિલ્મોમાં કામ કરું છું, ત્યારે મારા ભાવ અને લાગણીઓ, મારા વિચારો અને મારો આત્મા બધું જ મારા નિયંત્રણમાં હોય.

સ્ત્રી ૨માં 'સરકટા' સાથે શ્રદ્ધા અને રાજકુમાર આતંક મચાવશે

મુંબઈ, તા.૨૦

અંતે 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીની ફિલ્મોના ફૅન્સની આતુરતાનો અંત આવ્યો છે. હોરર કોમેડીનો ટ્રેન્ડ શરૂ કરનાર ફિલ્મની સિક્વલ 'સ્ત્રી ૨'નું ટ્રેલર લોન્ચ થઈ ચૂક્યું છે. આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તેની રાહ જોવાઈ રહી હતી. ટ્રેલરમાં શ્રદ્ધા કપુર, રાજકુમાર રાવ, પંકજ ત્રિપાઠી, અપારશક્તિ ખુરાના અને અભિષેક બેનર્જીને જોઈ શકાય છે. ૨ મિનિટ અને ૫૪ સેકન્ડનાં આ ટ્રેલરમાં ચંદેરીની સ્ત્રીને ભગાવનારી ગેંગ હવે એક નવું પરાક્રમ કરતી જોવા મળે છે, જેમાં તેઓ સરકટા નામના રાક્ષસનો સામનો કરવાની તૈયારી કરી રહ્યાં છે. હોરર સ્ટોરીની સાથે એક નવું રહસ્ય પણ ખુલે છે, ત્યારે રાજકુમાર એટલે કે વિકી ચંદેરીનો રાજુકમાર બની જાય છે. સ્ત્રીઓ પર હુમલો કરતા સરકટાથી પોતાની ગર્લફ્રેન્ડ શ્રદ્ધા કપૂર અને ગામની બધી જ સ્ત્રીઓને બચાવવાનું બીડું રાજકુમાર ઝડપે છે. આ ફિલ્મનું ટ્રેલર જોઈને લાગે છે કે ફિલ્મ જેટલી કોમેડી છે, એટલી જ તે ડરાવે પણ છે. આ ફિલ્મના પહેલા ભાગમાં હતાં એ કલાકારોને યથાવત રખાયા છે. અ પરંતુ પછી તેની રિલીઝ આગળ લઈ જવાઈ હતી. જ્યોતિએ કહ્યું, "જ્યારે ફિલ્મો વચ્ચે ક્લેશ થતો હોય ત્યારે માની લો કે, અમે 'જો જિતા વોહી સિકંદર'ના વિચાર સાથે આવીએ છીએ.



મેઘા શુક્લાએ તાજેતરમાં લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ લોકપ્રિય થઈ ગઈ હતી.બોલિવૂડ ફિલ્મ અભિનેત્રી મેઘા શુક્લા તેની બોલ્ડનેસ માટે જાણીતી છે.અભિનેત્રી મેઘા શુક્લા અવારનવાર પોતાની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે.અભિનેત્રીની આ બોલ્ડ તસવીરો તેના ફેન્સને દિવાના બનાવે છે.અભિનેત્રી ખૂબ જ બોલ્ડ પોઝ આપતી જોવા મળી હતી.

સાક્ષી મલિકે પિંક બોડીકોન લૂકમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.પિંક બોડીકોન લૂકમાં સાક્ષી મલિક કેમેરાની સામે ખૂબ જ હોટ પોઝ આપતી જોવા મળી રહી છે.એક્ટ્રેસનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ રહ્યો છે.સાક્ષી મલિક તેના બોલ્ડ અંદાજ માટે જાણીતી છે. હોટ તસવીરો શેર કરી ચર્ચામાં રહે છે.ચાહકો પણ એક્ટ્રેસના આ ગ્લેમરસ પિંક બોડીકોન લૂક પર ફિદા થયા છે.

સ્વતંત્ર ગીતોનો 'યુફોરિયા' પાછો આવ્યા : પલાશ સેન

મુંબઈ, તા.૨૦

'માએરી' જેવા ગીતોથી જાણીતા બૅન્ડ 'યુફોરિયા'ના ગાયક પલાશ સેન કહે છે કે હવે ફરીથી સ્વતંત્ર ગીતોનો સમય આવી રહ્યો છે પરંતુ ઘણા યુવા સંગીતકારો સત્તા સામે સાચું બોલતાં ડરે છે. તેમણે થોડાં દિવસો પહેલાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું,"બિલકુલ, ઈન્ડિપેન્ડન્ટ મ્યુઝિક હવે ફરી સારા તબક્કામાં આવ્યું છે. લોકોએ હવે તેના વિશે વાત કરવાની શરૂ કરી દીધી છે. યુવા કલાકારો તંત્રમાં મજૂર બનવા માગતા નથી." પલાશ સેન સંગીત ઉદ્યોગમાં કે સમાજમાં રાજકારણ ચાલતું હોવાનું સ્વીકારે છે.

પરંતુ આ અંગે યુવા કલાકારો ચિંતિત છે કે નહીં, તે વિશે પલાશ સેન કહે છે,"હા છે જ, પણ તેઓ બોલી શકતા નથી. લોકો ડરે છે. કોઈ શક્તિશાળી વ્યક્તિ આવશે અને તમને કહી દેશે, તું બહુ વધારે બોલે છે, તને કામ નહીં આપું." પલાશ સેનને લાગે છે કે ભારત કરતા અમેરિકાનો સંગીત ઉદ્યોગ વધુ સારી રીતે કામ કરે છે. "અમેરિકામાં ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રી અલગ અલગ છે. જો તમારે કંઈક કરવું હોય તો તમારી ઈન્ડસ્ટ્રીમાં રહીને કરો ને. જો ફિલ્મ ઈન્ડસ્ટ્રીને તમારું સંગીત જોઈએ છે, તો તે લોકો તમારી પાસેથી ખરીદી લેશે. એ તમને કોઈ મજુર નહીં બનાવી દે કે બેસીને આ મુજબ બનાવી આપો." પલાશ સેન તેમનાં બે જાણીતા આલબમ 'ધૂમ' અને 'માએરી'ને ફરી લાવી રહ્યા છે. આ આલ્બમનાં ગીતો માટે તેમણે અલગ અલગ નવા સંગીતકારો સાથે કોલબરેશન કર્યું છે. "આ આલબમમાં કેટલાંક નવા સંગીતકારો દેખાશે. અમે એવા અમુક કલાકારોને યુફોરિયાના વારસાને આગળ વધારવા માટે અમારી સાથે લઈ રહ્યા છીએ. મેં ક્યારેય મારી જાતને ફિલ્મ અન્ડસ્ટ્રીને વેચી નથી. મેં અને યુફોરિયાએ શું કર્યું છે તે આજના યુવાનો એક ટકો પણ સમજી શકે તો હું તેને મારી સફળતા માનીશ. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મજૂર તરીકે રહેવાના બદલે કલાકારે પોતાની પસંદગી મુજબના કામ કરવા જોઈએ.

SPORTS કોર્નર

મોહમ્મદ શમીએ સાનિયા સાથે લગ્ન કરવાની વાતને અફવાઓ ગણાવી

મુંબઇ,તા.૨૦

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા સાથેના લગ્નની અફવાઓ અંગે આખરે પોતાનું મૌન તોડ્યું છે. વિવિધ સોશિયલ મીડિયા પોસ્ટમાં એવા અહેવાલો આવ્યા હતા કે શમી અને સાનિયા લગ્ન કરવા જઈ રહ્યા છે અને એટલું જ નહીં, બંનેની તસવીરો સાથે છેડછાડ કરવામાં આવી હતી. જોકે, બાદમાં સાનિયાના પિતાએ પણ આ વાતને નકારી કાઢી હતી અને તેને માત્ર અફવા ગણાવી હતી. સાનિયાના પિતાએ ચાહકોને આ પ્રકારના સમાચાર ન ફેલાવવાની અપીલ કરી હતી. હવે શમીએ પોતે આ મામલે પોતાનું મૌન તોડ્યું છે. તાજેતરમાં, યુટ્યુબ પર પત્રકાર શુભંકર મિશ્રા સાથેની વાતચીતમાં, જ્યારે શમીને અફવાઓ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે આવા સમાચાર ઓનલાઈન ફેલાવવા માટે જવાબદાર લોકોને ઠપકો આપ્યો. ફાસ્ટ બોલરે લોકોને સોશિયલ મીડિયા પર વધુ પડતા જૂઠાણા ફેલાવવાનું ટાળવા કહ્યું અને એમ પણ કહ્યું કે આવા મીમ્સ મનોરંજન કરી શકે છે, પરંતુ તે નુકસાનકારક પણ હોઈ શકે છે. તેણે કહ્યું, 'હું દરેકને વિનંતી કરું છું કે સોશિયલ મીડિયા સાથે જવાબદાર બનો અને આવા પાયાવિહોણા સમાચાર ફેલાવવાનું ટાળો. આ વિચિત્ર છે અને તેમાં શું છે? બળજબરીથી કરવામાં આવ્યું છે પણ શું કરવું? શમીએ કહ્યું- જ્યારે તમે ફોન ખોલો છો, ત્યારે તમને તમારો પોતાનો ફોટો દેખાય છે. પરંતુ હું માત્ર એક જ વાત કહેવા માંગુ છું કે કોઈને આ રીતે ખેંચવું જોઈએ નહીં. હું સંમત છું કે મેમ્સ તમારા આનંદ માટે છે, પરંતુ તે કોઈના જીવન સાથે સંબંધિત છે. તેથી તમારે વિચારપૂર્વક મીમ્સ બનાવવી જોઈએ. આજે તમે વેરિફાઈડ પેજ નથી, તમારું સરનામું જાણ્યું નથી, કોઈ જાણતું નથી તેથી તમે બોલી શકો. જો આ કોઈના જીવન સાથે સંબંધિત છે, તો તમારે ચોક્કસપણે તેના વિશે વિચારવું જોઈએ અને પછી આવી વસ્તુઓ શેર કરવી જોઈએ. આ લોકો વણચકાસાયેલ પૃષ્ઠોમાંથી મીમ્સ શેર કરે છે અને બધું કહીને દૂર થઈ જાય છે.

શમીએ કહ્યું, 'હું માત્ર એક જ વાત કહેવા માંગુ છું, જો તમારામાં હિંમત હોય તો વેરિફાઈડ પેજ પરથી બોલીને બતાવો, પછી અમે કહીશું. બીજાનો પગ ખેંચવો ખૂબ જ સરળ છે. સફળતા હાંસલ કરો, તમારું સ્તર વધારશો. પછી હું સ્વીકારીશ કે તમે સારા વ્યક્તિ છો. શમીએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ દરમિયાન ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ વિરુદ્ધ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન ઈન્ઝમામ ઉલ હક દ્વારા કરવામાં આવેલા વિચિત્ર દાવાને પણ ફગાવી દીધો હતો.

સિગારેટ પીવી આ સ્ટાર ખેલાડીને ઘણી મોંઘી પડી, ઓલિમ્પિકમાંથી ઘરે પરત જવું પડ્યું



પેરિસ,તા.૨૦

પેરિસ ઓલિમ્પિકની શરૂઆત પહેલા જ આ દેશને મોટો ઝટકો લાગ્યો છે. મહિલા આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ ટીમની ૧૯ વર્ષીય કેપ્ટન શોકો મિયાતાએ પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ અંગે જાપાનીઝ જિમ્નેસ્ટિક એસોસિએશન (જેજીએ)એ પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે ધૂમ્રપાન કરીને ટીમની આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. આ પછી તેણે પોતાનું નામ પાછું ખેંચી લીધું. આ અંગે જેજીએ ના અધિકારીઓએ જણાવ્યું હતું કે મિયાતા ટેસ્ટિંગ માટે મોનાકોમાં ટીમના પ્રશિક્ષણ શિબિરમાંથી નીકળીને ગુરુવારે જાપાન પહોંચી હતી, જેમાં તેના દારૂ પીવાની પુષ્ટિ થઈ હતી. જેજીએએ કહ્યું કે હવે પાંચને બદલે માત્ર ચાર એથ્લેટ જ સ્પર્ધા કરશે. જેજીએના પ્રમુખ તાદાશી ફુજીતા અને તેમના અંગત કોચ મુત્સુમી હરાડા અને અન્ય અધિકારીઓએ મિયાતાની ક્રિયાઓ માટે ચાહકોની માફી માંગી છે. તેણે કહ્યું, 'અમે આ માટે દિલથી માફી માગીએ છીએ.' આ વખતે જાપાનની મહિલા જિમ્નાસ્ટિક્સ ટીમ પાસેથી ઘણી અપેક્ષા હતી. એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે તે ૧૯૬૪ ટોક્યો ઓલિમ્પિક બાદ પ્રથમ વખત જાપાન માટે મેડલ જીતશે. આ અંગે કોચ હરાડાએ કહ્યું કે, એ વાત સાચી છે કે મિયાતા બેદરકાર હતી, પરંતુ તેના પર પ્રદર્શનનું ઘણું દબાણ હતું. આંસુ લૂછતા તેણે કહ્યું, 'તે છેલ્લા કેટલાક દિવસો ઘણા દબાણમાં વિતાવી રહી હતી. હું લોકોને આ વાત સમજવા માટે વિનંતી કરીશ. મિયાતા વર્તમાન જાપાની રાષ્ટ્રીય ચેમ્પિયન છે. તે આ વખતે મેડલનો દાવેદાર માનવામાં આવતો હતો. તેણીએ ૨૦૨૨ વર્લ્ડ ચેમ્પિયનશીપ માં બીમ પર બ્રોન્ઝ જીત્યો હતો. આ ઉપરાંત, તે ઓલ-અરાઉન્ડ સ્પર્ધામાં પાંચમા ક્રમે રહી હતી. તમને જણાવી દઈએ કે આ ખેલાડીઓ પર ઓલિમ્પિકમાં સારું પ્રદર્શન કરવા માટે ઘણું માનસિક દબાણ છે.

સૂર્યકુમાર યાદવ, રોહિત શર્મા અને ઋષભ પંતની આઈપીએલ ટીમ બદલાશે

મુંબઇ,તા.૨૦

આ વર્ષે આઈપીએલમાં ખેલાડીઓની મોટી હરાજી થવા જઈ રહી છે અને આઈપીએલની ઘણી ફ્રેન્ચાઈઝી નવા કેપ્ટન બનાવવા પર પણ વિચાર કરી રહી છે. સૌથી વધુ નજર ભારત માટે ટી૨૦ વર્લ્ડ કપ જીતનાર કેપ્ટન રોહિત શર્મા અને આ ફોર્મેટના નવા ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ પર છે.

રોહિત શર્માએ વર્લ્ડકપ જીત્યા બાદ હાર્દિક પંડ્યાને ગળે લગાવ્યા બાદ અને નીતા અંબાણીએ અનંત અંબાણીના લગ્ન સમારોહમાં રોહિતના વખાણ કર્યા બાદ એવું લાગતું હતું કે, મુંબઈ ઈન્ડિયન્સનો ભૂતપૂર્વ સુકાની ટીમમાં રહેશે, પરંતુ ભારતીય ટીમમાં તાજેતરના બનાવો એ બધું જ બતાવ્યું છે બદલતું હોય તેવું જણાય રહ્યું છે.હાર્દિકને પાછળ છોડી સૂર્યકુમાર ભારતીય ટી ૨૦ ટીમના કેપ્ટન બન્યા પછી, તે સ્પષ્ટ છે કે રોહિત અને હાર્દિક વચ્ચે કંઈપણ સંપૂર્ણપણે યોગ્ય નથી અને તેનાથી માત્ર મુંબઈ ઈન્ડિયન્સ જ નહીં પરંતુ ઘણી ફ્રેન્ચાઈઝીને અસર થશે.સૂર્યા કેપ્ટન બન્યા છે, તેની પાછળ નવા કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર જેટલું સમર્થન હતું તેટલું જ રોહિત શર્માનું હતું. જ્યારે બીસીસીઆઈએ ગંભીરને કોચ બનાવવાનો નિર્ણય કર્યો ત્યારે તે પહેલા રોહિતનો અભિપ્રાય પણ લેવામાં આવ્યો હતો. રોહિતે ગંભીરની તરફેણમાં અભિપ્રાય આપ્યો હતો અને તેણે મુખ્ય કોચ બનતાની સાથે જ હાર્દિકની જગ્યાએ સૂર્યકુમારને ટી ૨૦ ફોર્મેટનો કેપ્ટન બનાવવાનું સમર્થન કર્યું હતું. આ વર્ષે જ્યારે મુંબઈ ઈન્ડિયન્સે રોહિતને હટાવીને હાર્દિકને કેપ્ટન તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી હતી. ત્યારે આ બંને ખેલાડીઓ વચ્ચેના સંબંધો બગડી ગયા હતા. જ્યારે સૂર્યા રોહિતની નજીક માનવામાં આવે છે. એટલું જ નહીં, તે ગંભીરની કેપ્ટનશીપમાં કેકેઆરનો વાઈસ કેપ્ટન પણ રહી ચૂક્યો છે.

આ સિવાય સૂત્રો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે, દિલ્હી કેપિટલ્સ રિષભ પંતથી બહુ ખુશ નથી અને તેને રિટેન કરવા કે નહીં તે અંગે વિચાર કરી રહી છે. આ ટીમમાં પંતને રિલીઝ કરવાનો વિચાર પણ ચાલી રહ્યો છે. જોકે, આ ટીમના મેન્ટર અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી પંતને કેપ્ટન તરીકે રાખવાના પક્ષમાં છે.

લખનૌ સુપર જાયન્ટ્સ પણ કે.એલ રાહુલના સ્થાને નવો કેપ્ટન બનાવવાનું વિચારે છે. આ વખતે આરસીબી ફાફ ડુ પ્લેસિસની જગ્યાએ કોઈ ભારતીયને કમાન આપવાનું પણ વિચારી શકે છે. જો મુંબઈ ઈન્ડિયન્સ અને સૂર્યા અને રોહિત વચ્ચે વાત ન બને અને તેઓ અલગ થઈ જાય, તો કેકેઆર અને લખનૌ તેમના પર દાવ લગાવી શકે છે.

જો દિલ્હી અને પંત વચ્ચેની વાતચીત સફળ નહીં થાય તો મહેન્દ્ર સિંહ ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સ આ વિકેટકીપરને લેવા માટે આગળ વધી શકે છે. ધોની અને પંત કેટલા નજીક છે તે સૌ કોઈ જાણે છે. ધોનીએ કેપ્ટનશીપ છોડ્યા બાદ આ વર્ષે સીએસકેએ ઋતુરાજ ગાયકવાડને કેપ્ટન બનાવ્યો હતો.

જમ્મુમાં આતંકીઓ સામે લડવા માટે સેનાએ તૈયાર કર્યો પ્લાન

લગભગ એક દાયકા બાદ આતંકવાદીઓએ કાશ્મીરની ખીણને બદલે જમ્મુના પહાડી વિસ્તારોમાં હુમલો કર્યો છે : વિસ્તારમાં ૫૦૦ પેરા કમાન્ડો તૈનાત

જમ્મુ, તા.૨૦

છેલ્લા કેટલાક સમયથી આતંકીઓએ જમ્મુના ઘણા વિસ્તારોને નિશાન બનાવ્યા છે. લગભગ એક દાયકા બાદ આતંકવાદીઓએ કાશ્મીરની ખીણને બદલે જમ્મુના પહાડી વિસ્તારોમાં હુમલો કર્યો છે. જમ્મુ વિસ્તારમાં ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓનો સામનો કરવા માટે સેનાના જવાનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે અને આ વિસ્તારમાં ૫૦૦ પેરા કમાન્ડોને તૈનાત કરવામાં આવ્યા છે.સેનાના સૂત્રોએ આજતકને જણાવ્યું હતું કે ભારતીય સેના હવે આતંકવાદીઓનો સામનો કરવા માટે જમ્મુ ક્ષેત્રમાં તેના સૈનિકોને ફરીથી તૈનાત કરી રહી છે. ભારતીય સેનાએ આ વિસ્તારમાં પ્રશિક્ષિત આતંકવાદીઓને શોધવા માટે લગભગ ૫૦૦ પેરા કમાન્ડોને

તૈનાત કર્યા છે. જમ્મુ ક્ષેત્રમાં કાર્યરત તમામ આતંકવાદીઓ મોટાભાગે પાકિસ્તાની છે જેઓ તેમના સ્થાનિક ગાઈડ અને સપોર્ટ સિસ્ટમ સાથે કામ કરી રહ્યા છે. આ આતંકવાદીઓ આ વિસ્તારમાં જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદને પુનઃજીવિત કરવા માટે કામ કરી રહ્યા છે.સૂત્રોએ જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં સેના અને અન્ય સુરક્ષા એજન્સીઓ હવે ઘૂસણખોરીના પ્રયાસોનો સામનો કરવા માટે આ વિસ્તારમાં તેમની ગુપ્તચર માહિતી અને આતંકવાદ વિરોધી ગ્રીડને મજબૂત બનાવી રહી છે. હવે આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સરહદે ઘૂસણખોરીના પ્રયાસોની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં કાઉન્ટર ટેરરિસ્ટ ગ્રીડના બીજા સ્તરને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે આ વિસ્તારમાં ઈન્ટેલિજન્સ કલેક્શન ગ્રીડને પણ કડક કરવામાં આવી રહી છે કારણ કે ગાઢ જંગલોથી ઘેરાયેલા વિસ્તારોમાં આ આતંકવાદીઓને જે સ્થાનિક સમર્થન મળી રહ્યું છે તેને ખતમ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે ભારતીય સેનાએ ૨૦૦ થી વધુ સશસ્ત્ર સંરક્ષિત વાહનોના કાફલાથી સજ્જ સૈનિકો પહેલેથી જ વિસ્તારમાં તૈનાત કરી દીધા છે, જે તમામ કટોકટીની પ્રાપ્તિ પ્રક્રિયાઓ હેઠળ હસ્તગત કરવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે કોઈપણ આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે આ વિસ્તારમાં ૨૦૦ થી વધુ નિષ્ણાત સુરક્ષિત વાહનો તૈનાત કરવામાં આવ્યા છે અને સૈનિકો આ વાહનોમાં માત્ર ઓપરેશન માટે જ વિસ્તારમાં ફરે છે.

ચૂંટણીમાંથી ખસી જવાની માંગ વચ્ચે જો બિડેને પાર્ટીની એકતા પર ભાર મૂક્યો

અમેરિકા, તા.૨૦

ડેમોક્રેટિક સાંસદોની જો બિડેનની રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી બહાર નીકળવાની સતત માંગ વચ્ચે, તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પના ડાર્ક વિઝન સામે એક થઈને લડવાની અપીલ કરી છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ સપ્તાહથી તેમનું ચૂંટણી પ્રચાર ફરી શરૂ કરશે અને કહ્યું કે તેઓ ટ્રમ્પને હરાવી દેશે.શુક્રવારે કોંગ્રેસના મોટાભાગના ડેમોક્રેટિક સભ્યોએ તેમને (બિડેન)ને ચૂંટણીમાંથી ખસી જવાની અપીલ કરી હતી. ટ્રમ્પ વિરૂદ્ધ તેમની ચર્ચા બાદ તેમની ચૂંટણીમાંથી બહાર થવાની માગણીઓ થઈ રહી છે. આના પર બિડેને ભારપૂર્વક કહ્યું કે તેઓ ટ્રમ્પને હરાવી શકે છે. તે થોડા સમય માટે તેના પરિવાર સાથે પ્રવાસ કરી રહ્યો હતો અને કેટલાક સમયથી તેના સાથીદારો પર વિશ્વાસ કરી રહ્યો હતો. બિડેને કહ્યું કે ટ્રમ્પે રિપબ્લિકન નેશનલ

કન્વેન્શનમાં રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી સ્વીકારતા તેમના ભાષણમાં ભવિષ્યનું અંધકારમય દર્શન દર્શાવ્યું છે. તેણે રાજકીય વાર્તાલાપને તેના નસીબ અને તેના પ્રતિસ્પર્ધીના એજન્ડાથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો અને આવતા અઠવાડિયે પ્રચાર ટ્રાયલ પર પાછા ફરવાની યોજના બનાવી.બિડેને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટીના કેટલાક સૌથી વરિષ્ઠ સભ્યોની ચિંતા હોવા છતાં તેમની પાસે ટ્રમ્પ સામે વિજયનો માર્ગ છે. સાથે મળીને, એક પક્ષ તરીકે અને એક દેશ તરીકે, અમે તેને મતપેટી પર હરાવી શકીએ છીએ.

'...તો હું સત્તા સંભાળતા પહેલા યુદ્ધનો અંત લાવીશ' : ટ્રમ્પ



અમેરિકા, તા.૨૦

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે ફોન પર વાતચીત થઈ છે. ટ્રમ્પે આ માહિતી આપી અને કહ્યું કે રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ તેમના પર થયેલા ઘાતક હુમલાની નિંદા કરી છે. ટ્રમ્પે એ પણ જાહેરાત કરી છે કે જો તેઓ અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાશે તો તેઓ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવશે. તેમણે કહ્યું કે, "હું પદ સંભાળતા પહેલા યુદ્ધનો અંત લાવીશ."યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની તેમની વાટાઘાટો વિશે માહિતી આપતા, રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે તેઓ વિશ્વમાં શાંતિ લાવવાનો પ્રયાસ કરશે, અને તેથી તેમણે "હિંસા" સમાપ્ત કરવા માટે બંને પક્ષો સાથે વાટાઘાટ કરવાની આશા વ્યક્ત કરી. ટ્રમ્પે કહ્યું કે યુક્રેનના રાષ્ટ્રપતિએ તેમને રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું, "હું, તમારા (અમેરિકાના) આગામી રાષ્ટ્રપતિ તરીકે, વિશ્વમાં શાંતિ લાવીશ અને યુદ્ધનો અંત લાવીશ જેણે ઘણા લોકોના જીવ લીધા છે અને અસંખ્ય પરિવારોનો નાશ કર્યો છે. બંને પક્ષો (રશિયા-યુક્રેન) અમે સાથે આવીશું અને એવા સોદાની વાટાઘાટ કરો જે હિંસાનો અંત લાવશે અને સમૃદ્ધિનો માર્ગ મોકળો કરશે."યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ટ્રમ્પ સાથેની વાતચીતની માહિતી આપી હતી.

ભાવનગર : નકલી સાબુ ફેક્ટરી ઝડપાઈ, વિવિધ બ્રાંડના ૧૮૦૦ નકલી સાબુ અમેઝોન પર વેચ્યા

ભાવનગર,તા.૨૦

ભાવનગર ખાતે વગર પરવાને વિવિધ કોસ્મેટીક સાબુ બનાવટી ફેક્ટરી પકડી પાડવામાં આવી છે અને શંકાસ્પદ કોસ્મેટીકના ૪ નમૂના લઈ ચકાસણી માટે મોકલી આશરે ૬૦ હજારની કિંમતનો કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. અત્યાર સુધીમાં એમેઝોન મારફત આશરે રૂપિયા ૩.૫૦ લાખના વિવિધ બ્રાંડના ૧૮૦૦ સાબુનું વેચાણ કર્યું હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર કોશિયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, કોસ્મેટીકના કોઈપણ લાયસન્સ વગર ભ્રામક અને લોકોને ગેરમાર્ગે દોરતી જાહેરાત કરી લોકોમાં અંધશ્રધ્ધા ફેલાવવાનું કૃત્ય કરતા લોકો પર તવાઈ બોલાવાય રહી છે. ગાંધીનગરના વાય.જી. દરજી. નાયબ કમિશનર (આઈ. બી.)ના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર અને ભાવનગરની ડ્રગ ટીમ દ્વારા ભાવનગરના મ.કમિશનર એ. એ. રાદડિયાના માર્ગદર્શન હેઠળ શહેરની મેઘદૂત સોસાયટી, પ્લોટ નં.૮૧, બીજા માળે રહેતા નિલોફરબેન સાદીકભાઈ ખદરાણીના રહેણાંકના મકાનમાં વગર પરવાને જીજે/૦૫/૦૦૩૪૧૭૫ લાયસન્સ નંબર તેઓની રીતે છાપી, તેનો ઉપયોગ કરી વિવિધ સાબુનું ઉત્પાદન કરતા ઝડપી પાડયા છે.

જેમાં ઘરગથ્થુ ચીજવસ્તુઓ જેવી કે, ઈન્ડક્શન ગેસ, તપેલા, ચમચા, રો-મટીરિયલ, વિવિધ ફ્લેવર્સ, વિવિધ મોલ્ડ ફ્લેવર્સ, ફ્રીઝ, આયુર્વેદિક મીક્ષ પાવડર્સ, ૧૨૦ કિગ્રા રો-મટીરિયલ, પ્રબલ બ્રાન્ડનો બ્રાસનો સિક્કો અને જુદા-જુદા ગ્રહોના ફોટાવાળા પ્રિન્ટેડ કાર્ટન વગેરે વસ્તુઓ આગળની કાર્યવાહી માટે જપ્ત કરવામાં આવી છે. અધિકારીઓએ આશરે રૂપિયા ૩.૫૦ લાખના વિવિધ બ્રાંડના આશરે ૧૮૦૦ સાબુનું વેચાણ કર્યું હોવાનું પકડી પાડયું છે. મે.સૂર્યતનાયા ઈનોવેશન એલ. એલ.પી., પ્લોટ નં. ૧૨૧૦, એબીસી, સ્વસ્તિક સોસાયટી, ભાવનગર ખાતે તપાસ કરતાં તેઓ આ સાબુની બનાવટ તેઓની પોતાની વેબસાઈટ અને ઓનલાઈન એમેઝોન પર વેચાણ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. તેમણે ઉમેર્યું કે, આ પેઢી દ્વારા દિલીપભાઈ અમૃત લાલ મહેતાની દવાની એજન્સી મે. એપેક્ષ ફાર્મા એજન્સી-ભાવનગર ખાતેથી તમામ સાબુનું વેચાણ તેમજ ડિલીવરી કરવામાં આવતી હતી. તંત્ર દ્વારા અહીંથી કુલ ૪ નમૂના લઈ પૃથ્થકરણ અર્થે વડોદરા લેબોરેટરી ખાતે મોકલી આપેલ છે.

એજન્સીમાંથી કાયદેસરની કાર્યવાહી અર્થે રૂા.૨૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરેલ છે. તેઓની વધુ તપાસ કરતાં તેઓ દોઢ માસથી કોસ્મેટીકનું વેચાણ કર્યું હોવાનું જણાયું છે. તેમજ તેઓ રો-મટીરિયલ ક્યાંથી અને કેવી રીતે લાવતા હતા અને તેઓ આ કોસ્મેટીકનું વેચાણ ક્યાં ક્યાં, કેવી રીતે અને કોને કોને વેચાણ કરતા હતા તેની આગળની તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

કાશ્મીરમાં આતંકવાદીઓ પાસેથી પ્રથમ વખત મળી Steyer AUG રાઈફલ

જમ્મુ, તા.૨૦

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં ગુરુવારે થયેલી અથડામણમાં ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓ પાસેથી સેનાના જવાનોને ઓસ્ટ્રિયામાં બનેલી Steyer AUG અસોલ્ટ રાઈફલ મળી આવી છે. સ્ટેયર એયૂજી અસોલ્ટ રાઈફલ મળી આવતા સુરક્ષા એજન્સીઓ ચિંતિત છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ઠાર કરવામાં આવેલા આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂગોળો, યુદ્ધ જેવી વસ્તુઓ અને એક પાકિસ્તાની ઓળખપત્ર મળી આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે રિકવર કરાયેલી વસ્તુઓમાં Steyer AUG પણ સામેલ છે. આતંકવાદીઓ પહેલાથી જ અમેરિકમાં નિર્મિત એમ-૪ કાર્બાઈન રાઈફલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. સુરક્ષા દળોને જમ્મુ ક્ષેત્ર અને કાશ્મીર બંનેમાં માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી તે મળી આવી હતી.

અયોધ્યામાં એનએસજીની મોકડ્રીલ

અયોધ્યા,તા.૨૦

નેશનલ સિક્યોરિટી ગાર્ડ (એનએસજી)ના કમાન્ડોએ શુક્રવારે રાત્રે અયોધ્યામાં મોકડ્રીલ હાથ ધરી હતી. એટીએસ,એસટીએફ,પીએસી પોલીસ અને આર્મીની ટુકડી સાથે એનએસજીની ટીમ રસ્તા પર ઉતરી આવી હતી. એનએસજી બખ્તરબંધ વાહનોના કાફલા સાથે રામપથથી નીકળી હતી. ટેઢી બજારમાં થોડીવાર રોકાયા પછી કમાન્ડો આગળ વધ્યા. સૈનિકો રામજન્મભૂમિ સંકુલના ગેટ નંબર ૧૧થી શ્રી રામ જન્મભૂમિ સંકુલ માં પ્રવેશ્યા હતા. કાફલામાં પોલીસ ઉપરાંત પ્રશાસનના અધિકારીઓ, એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સિસ્ટમ સાથે સંબંધિત અન્ય વાહનો પણ સામેલ હતા. ટ્રાફિક પોલીસ માર્ગ ખાલી કરાવવા આગળ વધી રહી હતી. સૈનિકોએ કટોકટીની સ્થિતિમાં સુરક્ષાને કેવી રીતે સંભાળવી અથવા આતંકવાદીઓ સાથે કેવી રીતે વ્યવહાર કરવો તેનું રિહર્સલ પણ કર્યું.

એનએસજીના જવાનો ૧૭ જુલાઈએ અહીં પહોંચ્યા હતા. બે દિવસીય ગોપનીય બેઠક અને સાદા કપડામાં મુખ્ય સ્થળોએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ત્રીજા દિવસે એટલે કે શુક્રવારની રાત્રે તેઓ સુરક્ષા હેઠળ સંપૂર્ણ સતર્કતા સાથે નીચે ઉતર્યા હતા. એનએસજી કમાન્ડો મોકડ્રીલ કરતા હનુમાનગઢી પહોંચ્યા. આ પછી દશરથ રાજમહેલ થઈને ભક્તિ માર્ગે ચાલ્યા ગયા. મોકડ્રીલ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી અને ૧૧ વાગ્યા સુધી ચાલુ રહી હતી. શ્રી રામ જન્મભૂમિ સંકુલ અને મંદિરની સુરક્ષાની જવાબદારી એસએસએફ એટલે કે વિશેષ સુરક્ષા દળના હાથમાં છે. મંદિરની સુરક્ષા માટે ૨૦૦ જવાનો તૈનાત છે. યુપી સરકારે પીએસી અને પોલીસ કર્મચારીઓને જોડીને એસએસએફની રચના કરી હતી. SSF જવાનોની સાથે હવે કમાન્ડો પણ મંદિરની સુરક્ષા માટે તૈનાત રહેશે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ મંદિરમાં રામલલ્લાનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારથી દરરોજ લગભગ ૧.૫ લાખ ભક્તો દર્શન માટે આવે છે. સપ્તાહાંત અને તહેવારોમાં આ સંખ્યા બે લાખ સુધી પહોંચી જાય છે. આટલું જ નહીં દેશ અને દુનિયામાંથી વીઆઈપી પણ સતત મંદિરમાં દર્શન કરવા આવી રહ્યા છે. મંદિર પર આતંકવાદી હુમલાની ધમકી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં મંદિરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે અયોધ્યામાં NSG યુનિટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ યુનિટને અયોધ્યામાં જ રાખવામાં આવશે અને મંદિરની સુરક્ષાનું ધ્યાન રાખશે.

વાસ્તવમાં ૨૨ જુલાઈથી હિન્દી કેલેન્ડર પ્રમાણે શ્રાવણ મહિનો શરૂ થાય છે. આ દરમિયાન અયોધ્યામાં લાખો ભક્તોની ભીડ જોવા મળશે. અયોધ્યાનો ૧૨ દિવસીય શ્રાવણ ઝુલા મેળો ૭ ઓગસ્ટથી મણિપર્વત ઝુલા મેળાની સાથે શરૂ થશે. એક હજાર મંદિરોમાં યોજાનાર મહોત્સવમાં દરરોજ લાખો ભક્તો આવશે. રામ મંદિરની નજીક આવેલા રંગમહેલ સહિત કેટલાક મંદિરોમાં ૨૨મી જુલાઈથી એક મહિના માટે ઝુલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવિંદ કેજરીવાલ જાણી જોઈને જેલમાં ઓછી કેલરીવાળો ખોરાક લઈ રહ્યા છે : એલજી ઓફિસ

નવીદિલ્હી,તા.૨૦

લેફ્ટનન્ટ ગવર્નરના મુખ્ય સચિવ વીકે સક્સેનાએ દિલ્હીના મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. જેમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તબિયત નાદુરસ્ત હોવાનું જણાવવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે અરવિંદ કેજરીવાલ જેલમાં જાણીજોઈને ઓછી કેલરીવાળો ખોરાક લઈ રહ્યા છે. કેલરી ઓછી હોવાને કારણે તેમનું વજન ઘટી રહ્યું છે. કેજરીવાલ યોગ્ય આહાર નથી લઈ રહ્યા. ૬ જૂનથી ૧૩ જુલાઈ વચ્ચે યોગ્ય આહાર લેવામાં આવ્યો ન હતો. કેજરીવાલ ડાયટ ચાર્ટને અનુસરતા નથી.

પત્રમાં જેલ અધિક્ષકના અહેવાલને ટાંકીને લખવામાં આવ્યું છે કે એલજીએ મુખ્યમંત્રી દ્વારા સૂચવવામાં આવેલ તબીબી આહાર અને દવાઓનું સેવન ન કરવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેજરીવાલ જાણી જોઈને ઓછી કેલરીવાળો ખોરાક લે છે. તે ડોક્ટરો દ્વારા આપવામાં આવેલ ડાયટ ચાર્ટનું પાલન કરી રહ્યો નથી. એલજી ઓફિસ દ્વારા લખવામાં આવેલા પત્ર અંગે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું, 'એલજી સાહેબ તમે શું મજાક કરી રહ્યા છો? શું કોઈ માણસ રાત્રે સુગર ઘટાડશે? જે ખૂબ જ જોખમી છે. એલજી સાહેબ,

જો તમને રોગ વિશે ખબર ન હોય તો તમારે આવો પત્ર ન લખવો જોઈએ. ભગવાન ના કરે કે તમારા પર ક્યારેય એવો સમય ન આવે.

બીજી તરફ દિલ્હી સરકારના મંત્રી આતિષીએ કહ્યું કે, 'ભાજપ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મારવાનું કાવતરું ઘડી રહ્યું છે. સીએમ અરવિંદ કેજરીવાલનું સુગર લેવલ આઠ કરતા વધુ વખત ૫૦ થી નીચે ગગડ્યું. કોમામાં જઈ શકે છે. આવી સ્થિતિમાં બ્રેઈન સ્ટ્રોકનો ખતરો પણ રહે છે.

દિલ્હી પ્રદેશ ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ થયો છે. તિહાર જેલના સુપ્રિન્ટેન્ડેન્ટનો પત્ર સાર્વજનિક થઈ ગયો છે. તેમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે કોર્ટના આદેશ બાદ અરવિંદ કેજરીવાલને ઘરે બનાવેલું ભોજન આપવામાં આવે છે. ૬ જૂન અને ૧૩ જુલાઈ વચ્ચે જાણી જોઈને ઓછી કેલરીવાળો ખોરાક લેવો. તેઓ સતત તેમના આહારમાં ઘટાડો કરે છે જેથી તેમનું વજન ઓછું થાય. સહાનુભૂતિ જોઈએ છે. કોર્ટમાં કહેવા માંગુ છું કે જેલમાં તેનું વજન ઘટી રહ્યું છે. જેથી વેલો મળી શકે. કેજરીવાલ ૨૧ દિવસ માટે જામીન પર હતા. આમ આદમી પાર્ટી માટે સવારથી સાંજ સુધી પ્રચાર કર્યો, મહેનત કરી અને દોડતા રહ્યા. ત્યારે મારી તબિયત એકદમ ઠીક હતી. જેલમાં જવાના બે દિવસ પહેલા તેણે ડોળ કર્યો કે તેની તબિયત સારી નથી. બે કિલો વજન ઘટવાનું કારણ એ જ છે. જેલમાં ઈન્સ્યુલિન ઉપલબ્ધ છે. ૭ જૂને, રાત્રિભોજન પહેલાં ઈન્સ્યુલિનના ચાર યુનિટની જરૂર હતી.

જો હિન્દુ નામ એટલું જ પ્રિય છે તો તમે હિન્દુ કેમ નથી બનતા,- કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ

નવીદિલ્હી,તા.૨૦

૨૨મી જુલાઈથી સાવન મહિનો શરૂ થઈ રહ્યો છે. ભગવાન શિવને જલાભિષેક કરવા માટે કંવર યાત્રા કાઢવામાં આવશે. દરમિયાન, મુઝફ્ફરનગરમાં વહીવટીતંત્ર દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો હતો કે કંવર માર્ગ પર આવતી દુકાનો, હોટલ અને ઢાબાના માલિકોએ તેમના નામ સ્પષ્ટ રીતે લખવાના રહેશે. આના પર જ્યારે વિવાદ શરૂ થયો ત્યારે સીએમ યોગી આદિત્યનાથે નવો આદેશ જારી કર્યો. સૂચના જારી કરતા સીએમ યોગીએ કહ્યું કે સમગ્ર રાજ્યમાં કંવર રૂટ પર આવેલી દુકાનોએ ખાણીપીણીના સ્ટોલ પર નેમ પ્લેટ લગાવવી પડશે. આ નિર્ણય બાદ હવે લોકોએ ખાણીપીણીની દુકાનો પર પોતાની નેમપ્લેટ લગાવવાનું શરૂ કરી દીધું છે.

આના પર વિપક્ષી પાર્ટીઓ અને મુસ્લિમ નેતાઓ દ્વારા બીજેપીને ખૂબ નિશાન બનાવવામાં આવી રહી છે. હવે કેન્દ્રીય મંત્રી

ગિરિરાજ સિંહે આ અંગે નિવેદન જાહેર કર્યું છે. ગિરિરાજ સિંહે સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર લખ્યું, "જો હિન્દુ નામ એટલું જ પ્રિય છે તો તમે હિન્દુ કેમ નથી બનતા?" તમને જણાવી દઈએ કે યુપીના તમામ કંવર માર્ગો પર આવેલી કેટરિંગની દુકાનોની સામે દુકાનદારોએ પોતાનું નામ અને ઓળખ જાહેર કરવી પડશે. કાવડ મુસાફરોની આસ્થા અને પવિત્રતા જાળવવા માટે આ કરવામાં આવ્યું છે. ઉપરાંત, યુપી સરકારે ચેતવણી આપી છે કે હલાલ પ્રમાણપત્ર સાથે ઉત્પાદનો વેચનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

ભારતે પાકિસ્તાનનું નામ લીધા વિના યુએનમાં આતંકવાદ મુદ્દે તેની ટીકા કરી

સંયુક્તરાષ્ટ્ર,તા.૨૦

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. ભારત સહિત વિશ્વના અન્ય દેશોમાં આતંકવાદ ફેલાવવાના મુદ્દે ભારતે પાકિસ્તાનની ટીકા કરી હતી. જો કે આ દરમિયાન પાકિસ્તાનનું નામ લેવામાં આવ્યું ન હતું. આડકતરી રીતે પાકિસ્તાન પર નિશાન સાધતા ભારતે કહ્યું છે કે કેટલાક દેશો આતંકવાદનો ઉપયોગ સરકારી નીતિના સાધન તરીકે કરી રહ્યા છે. ભારતે એમ પણ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં બેવડા માપદંડોથી બચવું જોઈએ. "તમે સંમત થશો કે જ્યારે અમે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા વિશે વાત કરીએ છીએ, ત્યારે આતંકવાદ સૌથી ગંભીર ખતરાઓમાંથી એક છે," એમ્બેસેડર આર રવિન્દ્ર, નાયબ સ્થાયી પ્રતિનિધિ અને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના ચાર્જ-ઈન-ચાર્જે જણાવ્યું હતું.

"તેથી, આપણે આતંકવાદ સામેની લડાઈમાં બેવડા ધોરણોથી દૂર રહેવું જોઈએ," રવિન્દ્રએ શુક્રવારે યુએન સુરક્ષા પરિષદને 'આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવામાં સંયુક્ત રાષ્ટ્ર અને પ્રાદેશિક અને ઉપ-પ્રાદેશિક સંગઠનો વચ્ચેના સહકાર પર સંબોધન કર્યું: તેમણે આ કહ્યું. જ્યારે 'સામૂહિક

સુરક્ષા સંધિ સંગઠન, કોમનવેલ્થ ઓફ ઈન્ડિપેન્ડન્ટ સ્ટેટ્સ, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન પર તેમના મંતવ્યો આપ્યા હતા. આડકતરી રીતે પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કેટલાક દેશો આતંકવાદનો ઉપયોગ સરકારી નીતિના સાધન તરીકે કરી રહ્યા છે. "આવો અભિગમ SCO સહિત બહુપક્ષીય મંચોમાં સહકારને અસર કરે તેવી શક્યતા છે," તેમણે કહ્યું.

પાકિસ્તાન શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું સભ્ય છે. રવિન્દ્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે તેના તમામ સ્વરૂપો અને સ્વરૂપોમાં આતંકવાદ સામે લડવા માટેના તેના સંકલ્પને પુનઃપુષ્ટિ આપવી જોઈએ અને "આપણે ધિરાણ સહિત આતંકવાદને તમામ પ્રકારના સમર્થન સામે મજબૂત પગલાં લેવા જોઈએ." આતંકવાદનો અસરકારક રીતે સામનો કરવા માટે આતંકવાદીઓ તરીકે સૂચિબદ્ધ વ્યક્તિઓ અને સંસ્થાઓ પર કાઉન્સિલના ઠરાવો અને પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે જીઈ નેતાઓ આ મહિનાની શરૂઆતમાં અપનાવવામાં આવેલા અસ્તાના ઘોષણામાં સંમત થયા હતા કે આંતરરાષ્ટ્રીય સમુદાયે આતંકવાદીઓને આશ્રય આપનારા અને આતંકવાદને પ્રોત્સાહન આપનારા દેશોને અલગ પાડવું જોઈએ.

રવિન્દ્રએ કહ્યું કે એ જ રીતે, "આપણે આપણા યુવાનોમાં કટ્ટરવાદના ફેલાવાને રોકવા માટે પણ સક્રિય પગલાં લેવા જોઈએ." તેમણે કહ્યું કે ૨૦૨૩ માં એસસીઓની અધ્યક્ષતામાં ભારતની કટ્ટરપંથના વિષય પર જારી કરાયેલ સંયુક્ત નિવેદન કટ્ટરવાદ સામેની લડાઈમાં મદદ કરશે. દિલ્હીની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. રવિન્દ્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એસસીઓની અંદર સુરક્ષા ક્ષેત્રમાં વિશ્વાસને મજબૂત કરવા તેમજ એસસીઓ ભાગીદારો સાથે "સમાનતા, આદર અને પરસ્પર સમજણ"ના આધારે સંબંધોને મજબૂત કરવાને ઉચ્ચ પ્રાથમિકતા આપે છે.

સ્થાનિક રાજકીય પક્ષોને મળ્યું કરોડો રૂપિયાનું ફંડ, સૌથી વધુ બીઆરએસને,એડીઆરનો રિપોર્ટ

નવીદિલ્હી,તા.૨૦

વિવિધ રાજ્યોના સ્થાનિક પક્ષોને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મળેલા ફંડનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જે મુજબ સૌથી વધુ ફંડ મેળવનારા સ્થાનિક પક્ષોમાં ભારત રાષ્ટ્ર સમિતિ સૌથી ટોચના સ્થાને છે, બીઆરએસને આ સમયગાળા દરમિયાન ૭૩૭.૬૯ કરોડ રૂપિયાનું ફંડ મળ્યું છે, જે સ્થાનિક પક્ષોને મળેલા કુલ ફંડનું ૪૨.૩૮ ટકા છે. કે. ચંદ્રશેખર રાવ દ્વારા સ્થાપિત બીઆરએસએ ગયા વર્ષે જ તેલંગાણામાં સત્તા ગુમાવવી પડી હતી.

એડીઆર નામની સંસ્થા દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ મુજબ બીઆરએસ બાદ તૃણમુલને ૩૩૩.૪૫૭ કરોડ (૧૯.૧૬ ટકા), ડીએમકેને ૨૧૪.૩૫૩ કરોડ (૧૨.૩૨

ટકા)ની આવક થઈ હતી. ટોચના પાંચ સ્થાનિક પક્ષોની કુલ આવક કે ફંડની રકમ ૧૫૪૧.૩૨૮ કરોડ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૯માંથી ૨૦ પક્ષોની આવક વધી છે. જ્યારે ૧૭ પક્ષોએ કહ્યું છે કે તેની આવક કે ફંડમાં ઘટાડો થયો છે. ૩૭ પક્ષોની કુલ આવક નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૭૨૧.૧૮૯ કરોડ રૂપિયા હતી, જેમાં ૧૦.૭૪૬ કરોડનો વધારો થયો.

સ્થાનિક પક્ષો દ્વારા કરાયેલા ખર્ચાની વિગતો પણ આપવામાં આ

સંક્ષિપ્ત સમાચાર

દયાપરમાં તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ ઉજવાયો

દયાપર તા.૨૦

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વસ્તી નિયંત્રણ અને આરોગ્ય લક્ષી માહિતી સાથે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાલુકા આઇસીડીએસ કચેરીના સીડીપીઓ શિલ્પાબેન સંઘારના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય બાદ ઉપસ્થિત ડો. જાનકીબેન વ્યાસ (માતાનામઢ), ડો.ઋત્વિક (બરંદા), ડો. કલ્પેશ (માતાનામઢ), તેમજ હર્ષાબેન જોશીએ દેશમાં વધી રહેલી વસ્તીના નિયંત્રણ સાથે આરોગ્ય લક્ષી વિવિધ માહિતી,બેટી બચાવો બેટી પઢાવો, કુટુંબ નિયોજનની કાયમી બિન કાયમી પદ્ધતિઓ, રસીકરણ, માતા મરણ, બાળ મરણ, તેમજ આશા બહેનોને મળતા લાભો વિશે માર્ગદર્શન સાથે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત અધિકારીઓનું શાબ્દિક સ્વાગત આરોગ્ય વિભાગના નિકુંજ શિહોરાએ કર્યું હતું, તાલુકામાં આરોગ્ય લક્ષી શ્રેષ્ઠ કામગીરી કરનાર આશા બહેનો તેમજ ફીમેલ હેલ્થ વર્કર બહેનોનું પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમની આયોજન વ્યવસ્થા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા સાંભળવામાં આવી હતી, જ્યારે આભાર વિધિ અજયભાઈએ કરી હતી.

દયાપર વેપારી મહામંડળની મૂદત પૂર્ણ થતાં નવા હોદ્દેદારો વરાયા

દયાપર તા.૨૦

દયાપર ખાતેના વેપારી મહામંડળ એસોસિયેશનના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. દયાપર લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલી બેઠકમાં વેપારી મંડળના પ્રમુખ રામભાઈ ઠક્કરે અધ્યક્ષ સ્થાનેથી પોતાના ત્રણ વર્ષ પ્રમુખપદ દરમિયાન મળેલા દરેક વેપારીઓનો આભાર માની પોતાની તેમજ અન્ય હોદ્દેદારોની મુદત પૂર્ણ થતા નવા હોદ્દેદારોની રચના કરવા જણાવ્યું હતું. આગામી ત્રણ વર્ષની મુદત માટે નવા હોદ્દેદારોની થયેલ વરણીમાં પ્રમુખ તરીકે દિલીપ જણસારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, જ્યારે ઉપપ્રમુખ તરીકે અનિલ સોની અને સૌકતઅલી સૈયદ,મંત્રી સમીર અનમ, મહામંત્રી ચેતન પટેલ, ખજાનચી પ્રફુલ સોની તેમજ સહ ખજાનચી તરીકે પુનિત ગોસ્વામી વરાયા હતા,સલાહકાર સમિતિમાં રમેશ અનમ, રામ ઠક્કર, ભવાન પટેલ, ફકીર મામદ ખત્રી તથા મહેન્દ્ર સોની સાથે કારોબારીના સભ્યોની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી. નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા આગામી સમયમાં વેપારી સંગઠનને વધુ મજબૂત કરવા સાથે વિવિધ વેપારીઓને લગતા દરેક કામોમાં સહકાર આપવાની ખાતરી અપાઈ હતી.

દેશલપર(ગુ)માં સાર્વજનિક જમીન પર થયેલ દબાણ દૂર કરવા માંગ

ભુજ તા.૨૦

નખત્રાણા તાલુકાના દેશલપર(ગુ) ગામે પાણી પીવા માટેની સાર્વજનિક જગ્યા પર થયેલ દબાણ દૂર કરવાની માંગ કરાઈ છે.

તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી ગામના નાગરિક જગદીશ દવેએ જણાવ્યું હતું કે, વરસો જુનું સાર્વજનિક પાણીના પરબ ની જગ્યા પર હાલ એક શખ્શ મનસુખ રવજી પટેલ દ્વારા દબાણ કરી જમીન પચાવી પાડી છે અને તે જગ્યા પર પોતાના સબંધીના નામનું બોર્ડ માર્યું છે, અને મળતી જાણકારી મુજબ આ જમીન વેચાણ કરી, દસ્તાવેજ બનાવી ગ્રામ પંચાયતમાં લીગલી કરવાના પ્રયાસમાં છે.

ગામના વડીલો દ્વારા આ જગ્યા પાણી પીવા માટે અનામત રાખવામાં આવેલ છે, તેથી આ દબાણ દૂર કરવામાં આવે, અને જમીન વેંચાણ થઇ ગઈ હોય તો પંચાયતના રેકર્જમાંથી માલિકી દૂર કરવામાં આવે.

દુધેશ્વર મહાદેવ મંદિરના મહંત રામદાસજી મૌનીબાપુ પંચતત્વમાં વિલીન થયા

ભુજ તા.૨૦

ગત તા.૧૮/૦૭ ગુરુવાર, અગિયારસના રોજ સ્વયંભુ બિહારીલાલ દુધેશ્વર મહાદેવ મંદિર, ભુજ, કચ્છના મહંતશ્રી રામદાસજી મહારાજ મોનીબાપુ પંચતત્વમાં વિલીન થયા.

તેમની અંતિમ ક્રિયામાં વૈષ્ણવ કુલભુષણ મહંતશ્રી મોતીરામદાસજી મહારાજ અને કચ્છ વૈષ્ણવ વિરકત સંત મંડળ કચ્છના અધ્યક્ષ મહંતશ્રી મનીરામદાસજી મહારાજ, અંજાર મહંતશ્રી સાકેત બિહારીદાસજી, પૂજારીશ્રી ભરતદાસજી, મહંતશ્રી શંભુદાસજી, મહંતશ્રી રામપ્રિયદાસજી મહારાજ, પૂજારીશ્રી મનીષ તિવારી અને સમસ્ત સેવક ગણ હાજર રહ્યા હતા.ભૂતનાથ મહાદેવ ખારી નદી, ભુજ સમશાન ઘાટ ખાતે મહંતશ્રીની અંતિમ વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

કર્મના બંધનમાંથી મુક્ત થવાનો અવસર એટલે ગુરુજીનો નગરે મંગલ પ્રવેશ : બિદડામાં ચાતુર્માસ પ્રવેશ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો

ભુજ તા.૨૦

રણ મેદાનમાં જ્યારે શંખનાદ ફૂંકાય છે ,ત્યારે પુણ્યશાળી આત્માઓ ઘરમાં બેસી નથી રહેતા,એ હુંકાર કરીને સામી છાતીએ જોડવાની દોટ મૂકે છે. જ્યારે માદરે વતનની ભૂમિ પુકારે ત્યારે હૈયું થનગનાટ કરવાનું ચાલુ કરી દે છે.

જી હાં, પણ આ શંખનાદ છે, ચાતુર્માસ પ્રવેશ ગુરુજી પ્રસંગ વધામણાનો, અને દોટ છે બિદડા ગામના દેશ વિદેશમાં વસતા સાધર્મિક પુણ્યશાળી ભાઈ બહેનોની. પોતાના માદરે વતનમાં થતાં ગુરુજી પ્રવેશ પ્રસંગ ઉત્સવ ના નગારાના 'તાક ધીના ધીન તાક' ના થનગનાટમાં જેમના પગ જમીન પર સ્થિર નથી રહેતા બિદડા ગામની સંઘની નિયાણી બહેનોના ! આ પુણ્યના પથ પર જવાનો શંખનાદ એકવાર સંભળાઈ જાય છે તેઓ પોતાની જાતને સજ્જ કરીને ઘરમાં ભરાઈ નથી બેસી શકતા,પરંતુ પુણ્યનું ભાથું બાંધવા સજ્જ થઇ જાય છે, એ છે ગુરુદેવનો પ્રવેશ પ્રસંગનો ઉત્સવ..!

જાગૃતિ સાંભિયા જોષી
બિદડા

જૈનધર્મમાં ચાતુર્માસનું મહત્વ ખૂબ જ અંકાયું છે, ચોમાસામાં જૈન સાધુ સાધ્વી એક જ જગ્યાએ સ્થિરતા કરે છે, આ ચાર મહિનામાં ધર્મમય પ્રવૃત્તિ ત્યાં વસતા સાધર્મિક ભાઈઓ અને બહેનો સાથે કરે છે.

આ ચાર મહિનામાં વરસાદ ના કારણે અસંખ્ય જીવ જંતુ ઉત્પન્ન થાય છે,એટલે જીવોની જયણા થાય એ હેતુસર એક જ જગ્યાએ સ્થિરતા કરે છે, એ સાથે તપ,જાપ,આરાધના કરાવી પુણ્યનું ભાથું પોતે તો બાંધે જ છે, પણ ભરાવવામાં મદદ કરે છે ઘણા બધા અનુષ્ઠાનો કરાવીને ધર્મમય વાતાવરણ સર્જી દે છે. જે રીતે વરસાદની ઋતુમાં ચારે કોર વનરાજી આપણને ખુશ દેખાય છે એ રીતે ગુરુદેવોની આંખમાંથી વહેતા અમીરસમાં ભીંજાવા સૌ કોઈ થનગની રહ્યા છે.

જૈન સમાજમાં એક અનેરો ઉત્સાહ જોવા મળે છે,માનવ ભવમાં આત્મને ઓળખવાનો અવસર અને ગુરુ મ.સા.ના

મુખેથી જિનવાણીની વહેતી ગંગામાં ડૂબકી મારીને પાવન થઈ, સાનિધ્યથી એક સત્કર્મોનું બીજ વાવીને વટવૃક્ષ થવાનો અવસર ઝડપી લેવાનો છે.

જેવી રીતે ખેડૂત પોતાની જમીન ખેડીને વાવણી કરીને આખા વર્ષનું ગુજરાન ચલાવી શકે એટલી કમાણી કરી આવતા વરસની પણ તૈયારી કરી નાખે છે, એવી જ રીતે આ ચાર મહિનામાં ગુરુ મારાજના સાનિધ્યમાં પુણ્યની કમાઈનું ભાથું ભરવાનું છે, દરરોજ વ્યાખ્યાન,જાપ,તપ અને પ્રતિક્રમણ દ્વારા કરેલ કર્મોનો પશ્ચાતાપ કરીને હળવા થવાનું છે.

બિદડા વિશા ઓશવાળ દેરાવાસી જૈન સંઘના સદભાગ્યે આચાર્ય ગુણ સાગરસુરીશ્વરજીની દિવ્ય કૃપા આચાર્ય ગુણોદય સાગરસુરિશ્વરજીના આશિષ, અચલ ગચ્છાધિપતિ કલાપ્રભા સાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષથી પ્રવિતની ગુરુમાં અરુણોદયશ્રીજી મ.સા., સદગુણાશ્રીજી મ. સા.ના આશિષથી હિરણ્યાશ્રીજી આદિ ઠાણા ૭ નો મંગલકારી પ્રવેશ ખૂબ જ ધામધૂમથી બિદડા ગામમાં ઉજવાઈ ગયો,દરેક સંઘના સાધર્મિક ભાઈ બહેનોએ ગુરુજીના પ્રવેશ પ્રસંગમાં હર્ષભેર ભાગ લિધો, બહેનોએ મંગલ ઘડી લઈ સ્વાગત કર્યું, ચાતુર્માસ દાતાઓએ દાનની ગંગા વહાવીને પુણ્યનું ભાથું બાંધ્યું સાથે બીજાના પુણ્ય માં ભાગીદાર થયા, દરેક દાતાઓના સન્માન કરી બિદડા દેરાવાસી જૈન સંઘના પ્રમુખ કેશવજી મારું દ્વારા આભાર માનવામાં આવ્યો.

આજુબાજુના ગામોમાંથી પણ આ પ્રસુંગે સાધર્મિક ભાઈ બહેનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા. આવતા દિવસોમાં ઘણા બધા ધાર્મિક અનુષ્ઠોનોની જાહેરાત મ.સા.દ્વારા કરવામાં આવી હતી, ભાવ વિભોર આગમનના વધમણા સાથે કુદરતે પણ ઝરમર ઝરમર વરસાદના છાંટણાથી સ્વાગતમાં પોતાની હાજરી પુરાવી હતી, કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી ચંદ્રકાંત દેઢિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

ભુજ વી.ડી. હાઈસ્કૂલમાં ડેન્ટલ અવરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ભુજ તા.૨૦

લાયન્સ ક્લબ ઓફ માધાપરના સહયોગથી, ડેન્ટલ અવેરનેશ પ્રોગ્રામ અંતર્ગત શેઠ વીરજી દેવશી (વી.ડી) હાઈસ્કૂલ ભુજ મધ્યે તન્ના ડેન્ટલ કેર, ભુજના સંયુક્ત ઉપક્રમે ડો.જે.પી રવાણીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ એમ. ડી.કોલેજના બી.એડ.તાલીમાર્થી બ્હેનોએ શાળાના કલાવૃંદ દ્વારા પ્રાર્થના બાદ આ પ્રસંગે ઉપસ્થિત શેઠ ડી.એન ટ્રસ્ટના ટ્રસ્ટી દિનેશ ઠક્કર, પ્રમુખ ડો.મુકેશ ચંદે, લાયન્સ ક્લબ ઓફ માધાપરના વાડીલાલ ઠાકરાણી, દિનેશ ઠક્કર, અમીરઅલી ખોજા, શક્તિસિંહ જાડેજા, રાહુલ ઠક્કર, જુલીબેન ઠક્કર, સંસ્થાના ટ્રસ્ટી કમળાબેન ઠકકર, સંધ્યાબેન ગણાત્રા વગેરેના વરદ હસ્તે દીપ પ્રાગ્ટયથી કરાયો હતો. વાઇસ ડિરેક્ટર ગવર્નર લાયન અભય શાહ તથા પ્રેસિડેન્ટ લાયન મીનાબેન મહેતાએ પ્રોજેક્ટની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું આચાર્ય બ્રિજેશ ઠક્કર દ્વારા શાબ્દિક તથા શાલ અને પુષ્પગુચ્છ વડે લાયન્સ ક્લબ ઓફ માધાપરના સભ્યો અને શાળા સ્ટાફ પરિવાર દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તન્ના ડેન્ટલ કેરના અને ડેન્ટલ અવરનેશના માર્ગદર્શક ડો.જે.પી રવાણીનું બુકે અને સાલથી પ્રોજેક્ટ ચેરમેન રાહુલ ઠક્કર તથા બ્રિજેશ ઠક્કરે સન્માન, તથા ડૉ. જાગૃતિબેન પાંડેનું લાયન જુલીબેન ઠક્કર અને કમળાબેન ઠક્કરે સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વીડી હાઇસ્કૂલના પૂર્વ વિદ્યાર્થી અમિત ધોળકિયાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં એ.ઈ.આઈ તરીકે નિયુક્તિ થતાં તેમનું સાલ, પુષ્પગુચ્છ વડે સંસ્થાના પ્રમુખ ડૉ.મુકેશ ચંદે, દિનેશ ઠક્કર તથા હાઈસ્કૂલના આચાર્ય દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડેન્ટલ કેર માટેની સમજણ પીપીટી તેમજ વિવિધ મોડેલો દ્વારા આપવામાં આવી હતી. શાળા દ્વારા શરુ કરવામાં આવેલ ન્યૂઝ ચેનલના એંકર ધો.૧૨ના વિધાર્થી તેજ જોષી દ્વારા વિવિધ પ્રશ્નોત્તરી કરી ડૉ.રવાણી નો ઈન્ટરવ્યું લેવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વરિષ્ઠ શિક્ષક એન.એચ ઝાલાએ તથા આભાર વિધિ શાળાના શિક્ષક જશવંત રાઠોડે કરી હતી, સમગ્ર આયોજન પરાગ ઠક્કર, અશ્વિનસિંહ જાડેજા, અલ્પાબેન, કાજલબેન તથા એન. એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો. મનોજ ચનિયારાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસના સ્વયં સેવકો, શાળાની વિવિધ સમિતિઓના વિધાર્થીઓ દ્વારા કરાયું હતું, કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સ્ટાફે તથા સેવક રામજી માતંગે જહેમત ઉઠાવી હતી.

કચ્છ યુનિ.ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમમાં અંગ્રેજી પાઠ્ય પુસ્તકનું વિમોચન કરાયું

ભુજ તા.૨૦

કે.એસ.કે.વી.કચ્છ યુનિ. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના પાંચમાં દિવસના પ્રારંભે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો.મોહન પટેલ તથા કુલસચિવ ડો.અનિલ ગોરના હસ્તે અંગ્રેજી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્યો દ્વારા સંપાદિત વિનયન, વાણિજ્ય તથા વિજ્ઞાન સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ માટે એબિલિટી એન્હાનસમેન્ટ કોર્સ, અંગ્રેજી વિષયના પાઠ્ય પુસ્તક "આફ્રિક" ADVIKનું વિમોચન કરાયું હતું.

આ પાઠ્યપુસ્તક મેકમિલન પબ્લિકેશન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે, જેમાં આંતરરાષ્ટ્રીય લેખકો ઓ. હેનરી,એ.જી.ગાર્ડિયનના ગદ્યો. રાષ્ટ્રીય કક્ષાના સુબ્રોતો બાગચી તથા ગુજરાતના પનોતા પુત્ર વિઠ્ઠલભાઈ પટેલ વિષે ડો. મનોજ છાયાનો લેખ તથા કચ્છના સુખ્યાત કવિ જયંતિ જોશી 'શબાબ'ની કવિતા 'જીરકલી'નો અનુવાદ ડો.કાશ્મીરા મહેતાએ કર્યો છે. FDPના તજજ્ઞ તરીકે કચ્છના જાણીતા સર્જક, ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો.દર્શના ધોળકિયાનું સર્જનાત્મક કૃતિના

આયોજીત કાર્યક્રમના પાંચમાં દિવસે કચ્છના તજજ્ઞોએ અનુવાદના પોતાના અનુભવો વર્ણવ્યા

અનુવાદના પ્રશ્નો, 'મારી અનુભવ યાત્રા' વિષય પર વ્યાખ્યાન યોજાયુ હતું. દર્શનાબેને અનુવાદિત પુસ્તકોમાં થયેલ અનુવાદ કાર્ય વિષે વાત કરી હતી.આ ઉપરાંત કેન્દ્રિય સાહિત્ય અકાદામી દિલ્હી દ્વારા પુરસ્કૃત કાર્મેલીન નવલકથાનું દર્શનાબેને કરેલ અનુવાદની તેમની યાત્રા, અનુવાદ દરમિયાન થયેલ અનુભવની સરવાણી વ્યાખ્યાન દરમ્યાન વર્ણવી હતી. બીજુ વ્યાખ્યાન કચ્છના પ્રખ્યાત લેખક, અનુવાદક કલાધર મુતવાનુ રહ્યું હતુ, ગુજરાતી, કચ્છી, સિંધી, ઉર્દુ ભાષામાં અનુવાદયાત્રા વિષય પર વ્યાખ્યાન આપતા કચ્છી, સિંધી, ઉર્દુ ભાષામાં થયેલ અનુવાદોના ઉદાહરણ દ્વારા પોતાના અનુભવની વાત રજૂ કરી હતી. તૃતીય બેઠકના વક્તા તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના સિંધીના અધ્યાપક ડો.વિમ્મી સદારંગાણી રહ્યા હતા. તેમણે સિંધી, હિન્દી, ગુજરાતી ભાષામાં અનુવાદની પ્રક્રિયા વિષે સોદાહરણ ચર્ચા કરી હતી. ચોથી બેઠકના વક્તા તરીકે મૂળ શિક્ષક તથા કચ્છના જાણીતા સર્જક રવિ પેથાની 'તિમિર' રહ્યા હતા. તેમણે કચ્છીમાં અનુવાદની સમસ્યાઓ અને ભગવદગીતાના કચ્છી અનુવાદની "મારી અનુભવયાત્રા" વિષય પર અનુવાદક તરીકેના અનુભવો વર્ણવ્યા હતા.

સર્વ સેવા સંઘ, ભુજ સંચાલિત હોસ્પિટલમાં સુપર નિષ્ણાંત ડોક્ટરની સેવાનો કચ્છભરના દર્દીઓએ લાભ લિધો

મસ્કા મધ્યે ફેફસાં સંબંધિત બિમારીનો નિશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

ભુજ તા.૨૦

એંકરવાલા હોસ્પિટલ મસ્કા મધ્યે પલ્મોનોલોજીસ્ટ ડૉકટર દ્વારા કરાયેલ નિઃશુલ્ક નિદાન મેડીકલ કેમ્પમાં કચ્છભરમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો.

અનશનવ્રતધારી જૈન સમાજરત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ, દ્વારા માંડવી તાલુકાના મસ્કા ખાતે સંચાલિત એંકરવાલા જનરલ હોસ્પિટલ મધ્યે ડીવાઈન લાઈફ હોસ્પિટલ,આદિપુર ના સહયોગથી ટી.બી, શ્વાસ, તથા કેફસાંના રોગના સુપર નિષ્ણાંત ડૉ.આદિત્ય પંડ્યાના નિઃશુલ્ક મેડીકલ કેમ્પ આયોજન પ્રસંગે સ્વાગત સાથે પ્રસંગ પરિચય આપતા હોસ્પિટલના મેડીકલ ઓફિસર ડૉ.મૃગેશ બારડે જણાવ્યુ હતુ કે, સુપર નિષ્ણાંત ડૉક્ટરોની સેવા સ્થાનિકે મળી રહે તે માટે અમારી સંસ્થા ધ્વારા દર મહિને મસ્કા મધ્યે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવે છે, હાલમાં ફેફસાંની બિમારી

ધરાવતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે જેથી આવી બિમારી ધરાવતા દીદર્દીઓને સુપર નિષ્ણાંત ડૉકટરની સારવાર સ્થાનિકે મળે તે માટે આ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત એંકરવાલા જનરલ હોસ્પિટલ મધ્યે વિરાયતન સંસ્થા તથા અદાણી ફાઉન્ડેશનના સહયોગથી ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ કરાયું છે. જેથી આજુબાજુના વિસ્તારના લોકોને વિના મુલ્યે ઓકિસજન પ્લાન્ટનો પણ લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો. આજના આ મેડીકલ કેમ્પમાં ડીવાઈન લાઈફ હોસ્પિટલ આદિપુરના પલ્મોનોલોજીસ્ટ ડૉ. આદિત્ય પંડયાએ ટી.બી, ન્યુમોનીયાની અસર, કેમેરા દ્વારા ફેફસાં તપાસણીની (બ્રોકોસ્પી) જરૂર હોય, વારંવાર કફ, ઉધરશ કે ખાંસી થતી હોય, એલર્જી-અસ્થમાની બિમારી હોય, ધુમ્રપાન સંબધીત બિમારી હોય, નિંદર દરમ્યાન મોટેથી નસરકોરા બોલવાની બિમારી હોય, ફેફસાંના પડ આવરણમાં પાણી ભરાતું હોય, કે કોરોના પછી ફેફસાંને સંબધીત બિમારી વિગેરેના દર્દીઓની તપાસણી અને બિમારીનું નિદાન કરી, બિમારી અંગે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

આ કેમ્પમાં દર્દીઓના એકસ-રે મશીન દ્વારા ફેફસાંની તપાસણી વિગેરેની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે મસ્કા ગામના પૂર્વ સરપંચ અને માંડવી તાલુકા ભાજપના મંત્રી કીર્તી ગોર, ડીવાઈન લાઈફ હોસ્પિટલના હેડ આલાપ જોબન પુત્રા, પપીટ કુમાર, માર્કેટીંગ મેનેજર અશોક હિરાણી, અને ફેનીલ ઠક્કર સહયોગી રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા હોસ્પિટલના સ્ટાફ અને મસ્કા ગામના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

લખપત તાલુકાના મુખ્ય શિક્ષકોને 'સક્ષમ શાળા' અંતર્ગત તાલીમ અપાઈ

દયાપર તા.૨૦

જિલ્લા શિક્ષણ કચેરી, ભુજ તેમજ બીઆરસી ભવન લખપત દ્વારા તાલુકાની અલગ અલગ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષકો માટે "સક્ષમ શાળા" અંતર્ગત બે દિવસીય તાલીમ યોજાઈ હતી.

દયાપર પી.એમ લીંબાણી વિદ્યાલય સભાખંડ ખાતે યોજાયેલી તાલીમ શિબિર અંગે તાલુકા બી.આર.સી. કો. ઓર્ડીનેટર શ્રી મહેશ્વરીએ જણાવ્યું હતું કે ગામની દરેક પ્રાથમિક શાળાઓ સ્વચ્છ, હરિયાળી, સલામત અને ટકાઉ બની રહે તે અંતર્ગત તજજ્ઞો દ્વારા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષકોને બે દિવસની તાલીમ આપવામાં આવી હતી જેમાં શૌચાલય, આરોગ્ય રક્ષણ, હવા, ઉર્જા, આબોહવા, સરક્ષણ, સંચાલન, વર્તન સહિતના અલગ અલગ બાર જેટલા વિષયો સંદર્ભે તાલીમ આપવામાં આવી હતી.

યોજાયેલી આ તાલીમમાં હિતેશ ચૌધરી, સામત વસરા,પીકેશ પટેલ, જીગર સુથાર, રાહુલ ભાનુશાળી સહિત ઉપસ્થિત રહ્યા હતા, આયોજન વ્યવસ્થા શિક્ષકો દ્વારા સંભાળવામાં આવી હતી.

લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટને અનુદાન અપાયું

ભુજ : શ્રી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ભુજની ઝુપડપટ્ટીના વિવિધ વિસ્તારોમાં બાળમજૂરી કરતા બાળકો. શાળાએ ન જતા બાળકો. શાળા છોડી દીધેલ બાળકો આવા તમામ પ્રકારના બાળકોને સંસ્થાના માધ્યમથી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જ એક જગ્યા ભાડે રાખીને એમના જ વિસ્તારમાં એમના જ બાળકોને અક્ષર –લેખન- ગણન -સ્વચ્છતા તેમજ સારા સંસ્કાર મળી રહે તે હેતુસર સંસ્થા દ્વારા દરરોજ ત્રણથી ચાર કલાક શિક્ષકને મૂકી આવા બાળકોને અભ્યાસ કરવામાં આવી રહ્યું છે. ભુજના આવા વિવિધ છ જેટલી ઝુપડપટ્ટી વિસ્તારમાં સંસ્થાના માધ્યમથી ક્લાસ ચાલિ રહ્યા છે. તેમજ ૪૦૦થી ૪૫૦ બાળકો આ શિક્ષણ સેવામાં શિક્ષણ મેડવી રહ્યા છે.આ શિક્ષણ સેવા માટે મૂળ ભુજપુર-કચ્છના મુન્દ્રા તાલુકાના અને હાલે યુ.એસ.એ માં રહેતા માયાર મેશ દેઢિયા પરિવાર તેમજ પારસ ગડા પરિવાર દ્વારા આ તમામ વર્ગનો ખર્ચ આપી કચ્છના ગરીબ બાળકો માટે શૈક્ષણિક ક્ષેત્રે મદદરૂપ થઈ રહ્યા છે. તેમજ આ સેવા કાર્ય માં વિનોદ પીઠડીયા તથા કિરણ ગોસ્વામી સહયોગ આપી રહ્યા છે,આ સેવા કાર્ય બદલ દાતાનો સંસ્થાના ટ્રસ્ટી હેમેન્દ્ર જણસારી તેમજ હર્ષા સુથાર,રિંકુ જણસારી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અદાણી હોસ્પિટલમાં વરિકોઝ વેઇન્સની લેઝર શસ્ત્રક્રિયા ઉપલબ્ધ થઇ

ભુજ : જી.કે. જનરલ અદાણી હોસ્પિટલના સર્જરી વિભાગ દ્વારા લેઝર પદ્ધતિથી વેરિકોઝ વેઈન્સ(પગની નસો સુઝવી અને ગાંઠો પડવી)ની શસ્ત્રક્રિયા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. હોસ્પિટલના સર્જરી વિભાગના તબીબોના જણાવ્યા મુજબ પગમાં પસાર થતી નસોમાં મોજૂદ વાલ્વમાંથી લોહી વહેવામાં પડતી મુશ્કેલીને કારણે આ સમસ્યા ઉદભવે છે. જે આગળ જતાં ગંભીર બની જાય છે. છેવટે ઓપરેશન દ્વારા જ રાહત મળે છે. કચ્છમાં આ રોગના પ્રમાણની નજરે જી.કે.ના સર્જરી વિભાગ દ્વારા લેઝરથી શસ્ત્રક્રિયા ઉપલબ્ધ બનાવવા નિર્ણય કરવામાં આવ્યો છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

વિવાદ વચ્ચે UPSC અધ્યક્ષનું રાજીનામું ! ગુજરાતમાં ૪ કિસ્સામાં તપાસ થશે

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના પહેલા ગુજરાતી અધ્યક્ષ મનોજ સોનીએ તેમના કાર્યકાળનાં પાંચ વર્ષ પહેલાં જ રાજીનામું આપી દેતા અનેક સવાલો ઉભા થયા છે. આજે તેમના અચાનક રાજીનામાં ના સમાચારે ભારે ચર્ચા જગાવી હતી તેમનો કાર્યકાળ ૨૦૨૯માં પૂરો થવાનો હતો. પરંતુ તે પહેલા તેમણે વ્યક્તિગત કારણસર રાજીનામું આપી દીધુ હતુ. સિવિલ સર્વિસમાં પ્રવેશ મેળવવા માટે કથિત રીતે ખોટા દસ્તાવેજો બનાવવા મામલે જ્યારે સમગ્ર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન ચર્ચામાં છે તે વચ્ચે વડાપ્રધાનના નજીકના મનાતા મનોજ સોનીએ રાજુનામુ આપતા અનેક તર્ક-વિતર્ક થઇ રહ્યા છે. જો કે રાજીનામાને લઈને એવું કહેવામાં આવી રહ્યું છે કે પુજા વિવાદ બાબત સાથે તેને કોઈ સંબંધ નથી. અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક પહેલાં સોનીએ ગુજરાતની બે યુનિવર્સિટીમાં વાઇસ- ચાન્સેલર તરીકે ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. ૪૦ વર્ષની વયે તેઓ વડોદરા યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર તરીકે નિયુક્ત થયા.આ પછી ૨૦૧૫ સુધી તેમણે ગુજરાત સરકારી યુનિવર્સિટી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં વાઇસ-ચાન્સેલર તરીકે ૫ વર્ષની બે ટર્મ પૂર્ણ કરી હતી મનોજ સોનીના કાર્યકાળ દરમિયાન આઇએએસ ટ્રેઇની પૂજા ખેડકર અને આઇએએસ અભિષેક સિંહ વિવાદોમાં રહ્યા હતા. આ બંને પર પસંદગી મેળવવા માટે ઓબીસી અને પીડબ્લ્યુડી કેટેગરીઓનો લાભ લેવાનો આરોપ હતો. પૂજા ખેડકરે લો વિઝનનો હવાલો આપી પીડબ્લ્યુડી કેટેગરીમાં સિલેક્શન મેળવ્યું.અભિષેક સિંહે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા વિકલાંગ વર્ગમાંથી પાસ કરી હતી. તેણે પોતાને લોકોમોટિવ ડિસઓર્ડર એટલે કે ચાલવામાં અસમર્થતા હોવાનું જણાવ્યું હતું. અભિષેકે તેની એક્ટિંગ કારકિર્દી માટે આઇએએસમાંથી રાજીનામું આપ્યું હતું. આ વિવાદ વચ્ચે હવે ગુજરાત મા પણ ૪ કિસ્સામા તપાસ થશે.

ગુજરાતમાં ૪ કિસ્સાની તપાસ થશે ?

મહારાષ્ટ્રમાં ટ્રેઇની આઇએએસ અધિકારી પૂજા ખેડકર સતત વિવાદમાં છે. તેની સામે સિવિલ સર્વિસમાં પ્રવેશ મેળવવા માટે કથિત રીતે બનાવટી દસ્તાવેજક્ક બનાવ્યા હોવાનો આરોપ છે. ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગુજરાત સરકારે પણ ચાર વિકલાંગ આઇએએસ અધિકારીઓ સામે તપાસ શરૂ કરી છે. આ અધિકારીઓના વિકલાંગતા પ્રમાણપત્રોની રાજ્ય સરકાર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તપાસ બાદ રાજ્ય સરકાર તેનો રિપોર્ટ યુપીએસપીને મોકલશે રાજ્ય સરકાર દ્વારા જે અધિકારીઓની સામે તપાસ કરવામાં આવી રહી છે તેઓ વિકલાંગતા પ્રમાણપત્ર દ્વારા આઇએએસમાં પસંદગી પામ્યા છે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ચાર આઇએએસ સામે તપાસ શરૂ કરવામાં આવી છે. તેમાંથી ત્રણ જુનિયર અને એક વરિષ્ઠ સ્તરના અધિકારીઓ છે. પૂજા ખેડકર વિવાદ બાદ ગુજરાત સરકાર આ મામલે ઘણી સતર્ક દેખાઈ રહી છે. અને તપાસમાં કોઈ શંકા ન રાખવાનો પણ નિર્દેશ આપ્યો હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ .

સંકલન બેઠકમાં વીજળી, પાણી, સિંચાઈ, આરોગ્ય, વરસાદી પાણીના નિકાલના પ્રશ્નો ઉઠ્યા

ભુજ ખાતે યોજાયેલી સંકલનસહ ફરિયાદ સમિતીની બેઠકમાં સાંસદ તેમજ ધારાસભ્યો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે સમીક્ષા કરી પ્રજાની સમસ્યાઓને સમય મર્યાદામાં નિવારવા કચ્છ કલેક્ટર દ્વારા તાકીદ કરાઇ અબડાસાના ધારાસભ્યએ બેફામ ખનીજ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો

ભુજ તા.૨૦

કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક ભુજ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.આ બેઠકમાં સાંસદ તથા ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ દ્વારા વીજળી, પાણી, સિંચાઈ, પશુઓની રસી,આરોગ્ય, શિક્ષણ સહિતના અંગેના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી જિલ્લા કલેકટર દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં સાંસદ વિનોદ ચાવડા દ્વારા છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં વીજળીના સંદર્ભમાં સર્જાતી સમસ્યા,સુજલામ સુફલામ, રીચાર્જ બોર, પાણી સહિતના મુદે પ્રશ્નો રજૂ કરીને તેના ઉકેલ માટે સંબંધિત અધિકારીઓને સત્વરે કામગીરી કરવા સૂચના આપી હતી. ધારાસભ્ય કેશુ પટેલ દ્વારા ઢોરાથી હાજીપીર રસ્તાના બંધ કામને ચાલુ કરવા, વીજળી તથા ધારાસભ્ય ત્રિકમ છાંગા દ્વારા સ્પીડ બ્રેકર દુર કરવા, નિંગાળના ખેડૂતોના જમીન અંગેનો પ્રશ્ન, એકમો દ્વારા સ્થાનિક યુવાનોને રોજગારી આપવા મુદે, બીપીએલની પડતર અરજીઓ, લીલાશા કુટિયા ફાટક નીચે અન્ડર બ્રીજ બનાવવા અંગે, પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા પાણી પુરવઠાના બોરવેલ, પંચાયત હસ્તકના પીવાનાં પાણીના બોર,નર્મદાના પાણીનો પૂરતો જથ્થો આપવા, ગેરકાયદે કનેકશન કાપવા, નંબર પ્લેટ વગરના વાહનો તથા કાળી ફિલ્મ વાળા વાહનો સામે પગલા ભરવા, પોલીસ વિભાગમાં લાંબા સમયથી એક સ્થળે નોકરી કરતા કર્મચારીઓની બદલી, ઘરફોડ, કેબલ, પશુચોરી તથા બેફામ ખનીજ ચોરી અટકાવવા, જુના વીજવાયર તથા થાંભલા બદલવા, સબસ્ટેશનોમાં અધુરાશ પૂર્ણ કરવા, ગૌમાતા પોષણ યોજનાના અમલીકરણની વિગતો આપવા,મંજૂર ગ્રામ પંચાયત કામ પૂર્ણ કરવા, શાળાઓમાં ઓરડાની કામગીરી, છારીઢંઢનો રસ્તો પૂર્ણ કરવા, રેલવેમાર્ગ પર ક્રોસિંગ આવે ત્યાં વરસાદી પાણીના નિકાલ અંગેની વ્યવસ્થા કરવા, પાણી વિતરકો દ્વારા પાણીને ઠંડુ કરવા જગમાં વપરાતા લીકવીડ નાઇટ્રોજન અથવા ઠંડા પાણી કરવા વપરાતા કેમિકલની તપાસ કરીને કાર્યવાહી કરવા, તથા ખાદ્ય વસ્તુઓનું ચેકીંગ કરવા, ખેડૂતોને ત્વરાએ બીજ આપવા, ખેડૂતોને વીજ કનેકશન આપવા સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. બેઠકમાં જિ. પં. સામાજિક ન્યાય સમિતિ ચેરમેન કુંવર મહેશ્વરી, જિલ્લા વિકાસ અધિકારી એસ. કે.પ્રજાપતિ, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર ,નિવાસી અધિક કલેકટર મિતેશ પંડયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પારેખ, પ્રાંત અધિકારીઓ, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના વડા ઉપસ્થિત રહ્યા હતાં

મુખ્યમંત્રીએ નળકાંઠા વિસ્તાર માટેની સિંચાઈ યોજનાની જાત માહિતી મેળવી

ગાંધીનગર,તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નળકાંઠા વિસ્તારમાં સિંચાઈ સુવિધાઓના સુદૃઢીકરણના કુલ ૧૪૦૦ કરોડના પ્રોજેક્ટ અંતર્ગત ૩૭૭.૬૫ કરોડનાં પ્રથમ તબક્કાની પ્રગતિ હેઠળની કામગીરીની સમીક્ષા અને જાત માહિતી મેળવવા માટે ગોરજ ગામ નજીકની સોર્સ-૧ કેનાલ તથા હાંસલપુર નજીક સોર્સ-૩ની મુલાકાત પ્રત્યક્ષ લીધી હતી.

મુખ્યમંત્રીએ ફતેવાડી-નળકાંઠા વિસ્તારમાં સિંચાઈ પ્રોજેક્ટ અંતર્ગત થયેલી કામગીરી અંગે સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન કે. કૈલાસનાથન, નિગમના એમ ડી. શ્રી મુકેશ પુરી, ડાયરેક્ટર પાર્થિવ વ્યાસ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ ચર્ચાઓ દરમિયાન કામોની ગુણવત્તા તથા ઝડપી પ્રગતિ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. નર્મદા નહેર અને ફતેવાડી નહેર યોજના વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ કરવા માટે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

ગુજરાતના ખેડુતોએ દિલ્હીમાં કિસાન નેતા રાકેશ ટીકેત સાથે મુલાકાત

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના કલેક્ટરોના બેફામ વહીવટ સામે હવે ખેડુત આગેવાનો લડત શરુ કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. ગુજરાતના ખેડુતોએ દિલ્હીમાં કિસાન નેતા રાકેશ ટીકેત સાથે મુલાકાત કરીને ગુજરાતના ખેડુતોના પ્રાણ પ્રશ્નોને લઈ રજૂઆત કરી હતી. આ મુલાકાત બાદ રાકેશ ટીકેત ખેડુતોની જમીન અંગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ગુજરાતના ખેડુત આગેવાન ભેમાભાઈ ચૌધરી, રમેશભાઇ પટેલ, સોમા કાકા, વિજયભાઈ ચૌધરી દ્વારા વિવિધ મુદ્દાઓ સાથે દિલ્હી ખાતે ખેડૂત આગેવાન રાકેશ ટીકૈત સાથે મુલાકાત કરવામાં આવી હતી જેમાં પાલનપુરની બાજુમાં બાયપાસ રોડ બની રહ્યો છે જેમાં ૧૫૦૦ જેટલા ખેડૂતોની જમીન લેવામાં આવી રહી છે. ૫૦૦ સર્વે નબરો એવાં છે કે જેમાં જમીન લઈ લેવામાં આવશે તો ૧૦૦ જેટલા ખેડૂતો જમીન વિહોણા થઈ જશે .૬૦ જેટલા પાણીના બોર પણ નીકળી જશે, મહત્વની વાત એ છેકે જમીનનું પૂરતું વળતર મળી રહ્યું નથી.

અવધનગરમાં હત્યા કરનારા ચારે આરોપી કલાકોમાં પોલીસે દબોચી લિધા

ભુજના અવધનગર વિસ્તારમાં ગઇકાલે રાત્રે યુવકની ૪ લોકોએ જુની અદાવતમા હત્યા કરી હતી જેને ગણતરીની કલાકોમાં પધ્ધર પોલીસે ઝડપી પાડ્યા હતા. હત્યાના કારણમાં યુવતીની છેડતી કારણભુત હોવાનુ પ્રાથમીક તારણ પોલીસે હત્યામાં સામેલ ચારે યુવાનોને પકડી પુછપરછ શરૂ કરી

ભુજ તા.૨૦

ભુજ તાલુકાના કુકમા પંચાયત હેઠળના અવધનગર ગામે થયેલ હત્યાના ગુનાનો ભેદ ઉકેલી ગણતરીના કલાકમાં આરોપીઓને પદ્ધર પોલીસે પકડી પાડયા હતા. આજેજ જાહેર થયેલા બનાવમાં ગઇકાલે રાત્રે અવધનગરમાં રમેશ પુંજા મારવાડાની ગામમાંજ રહેતી એક યુવતીના કાકા તથા સાગરીતોએ તેની હત્યા કરી હતી હત્યા કરનારની ભત્રીજી ને અગાઉ ચીઠી નાંખી પરેશાન કરવા સહિતની ફરીયાદ મરણજનાર સામે નોંધાઇ ચુકી હતી અને તેમા તેની અટક પણ કરવામાં આવી હતી વર્ષો અગાઉ થયેલ આ કિસ્સાની અદાવતમાં શુક્રવારે યુવક તથા તેના પરિવાર પર હુમલો કરાયો હતો જેમાં યુવાનનુ મોત થયુ હતુ. પધ્ધર પોલીસ મથકે આજે સવારે ૧૧/૧૫ વાગ્યે બનાવ જાહેર થયો હતો બનાવની જાણ થતાજ આરોપીઓને શોધી કાઢી હત્યાના ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા પધ્ધર પો.સબ ઇન્સ એમ.એમ. ગોહિલએ અલગ અલગ ટીમો બનાવી હત્યાના ગુનાને અંજામ આપનાર આરોપીઓની તપાસમાં હતા, તે દરમ્યાન એ.એસ. આઇ. રામસંગજી સોઢા તથા પો.હેડ કોન્સ.મહેન્દ્રસિંહ જાડેજાને સંયુક્ત રીતે બાતમી મળેલ કે, અવધનગર ખાતે હત્યાને અંજામ આપનાર આરોપીઓ કરશન ઉર્ફે કિશન મુળજી મેરીયા, સચીન મુળજી મેરીયા તથા અન્ય બે ઇસમો સાથે ભુજોડી ગામેના પાટીયા સામે આવેલ કિરણ ઓટો સર્વીસની બાજુમાં આવેલ શેરીમાં હાજર છે, જે આધારે વર્કઆઉટ કરી બાતમી વાળી જગ્યાએ જઇ તપાસ કરતા, કરશન ઉર્ફે કિશન મુળજી મેરીયા, સચીન મુળજી મેરીયા (રહે.બંન્ને અવધનગર, કુકમા) તથા રાહુલ ઉર્ફે માસા કરશન મારવાડા અને અરુણ ઉર્ફે લાલો રામજી મારવાડા (રહે, સુરલભીટ રોડ, ભુજ) હાજર મળી આવેલ, જેઓને પકડી પાડી આ બનાવ બાબતે પુછપરછ કરતા અવધનગર ખાતે હત્યાના ગુનાને અંજામ આપી એક બીજાની મદદગારી કરી હોવાની કબુલાત આપી હતી, પકડાયેલ ચારે ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેમના પરિવારની દિકરીને પ્રેમસંબધી ચીઠ્ઠી લખી અગાઉ યુવક દ્વારા પરેશાન કરવા અંગેની ફરીયાદ નોંધાઇ હતી. જે બાબતનુ મનદુખ આ હત્યા પાછળ કારણભુત હોવાનુ સામે આવ્યુ છે. પકડાયેલ આરોપીઓ પૈકી રાહુલ ઉર્ફે માસા કરશન મારવાડા વિરૂધ્ધ ભુજ બી ડિવીઝન પો.સ્ટે.માં આઇ.પી. સી.ક. ૩૭૯(એ) મુજબ તથા માધાપર પોલીસ મથકે જી.પી. એકટ. ક.૧૩૫ મુજબ ગુના નોંધાયેલ છે, જયારે અરુણ ઉર્ફે લાલો રામજી મારવાડા વિરૂધ્ધ પધ્ધર પો.સ્ટે.માં પ્રોહી ક.૬૬(૧) બી તથા બી ડિવીઝનપો.સ્ટે.માં આઇ.પી.સી.ક.૩૨૩,૩૨૪ ૩૨૫,૫૦૬ તથા જી.પી.એકટ ક.૧૩૫ મુજબ કુલ્લ ત્રણેક ગુના નોંધાયેલા છે. પધ્ધર પોલીસ મથક ના એચ.એમ.ગોહિલ સહિત એ.એસ.આઈ. રામસંગજી સોઢા, જયસુખ માલકિયા, હેડ.કોન્સ મહેંદ્રસિંહ જાડેજા, નિલેષ ચૌધરી, ભાર્ગવ ચૌધરી,શિવરાજસિહ રાણા, દિવ્યરાજસિંહ જાડેજા નરેશ ચૌધરી, કોન્સ.વિક્રમસિંહ ગોહિલ, પ્રતાપજી ઠાકોર, ડ્રા. વિનોદ ચૌધરી, વુ.પો.કોન્સ.કમીબેન માળી તથા હોમગાર્ડ તરુણ આહીર સહિતનો સ્ટાફ કાર્યવાહીમાં જોડાયો હતો

રાજ્ય સરકારે મુખ્ય શિક્ષક માટેના બદલી માટેના નિયમો જાહેર કર્યા

ગાંધીનગર, તા.૨૦

રાજ્યની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો માટે સૌથી મોટા સમાચાર આવ્યા છે. રાજ્ય સરકારે મુખ્ય શિક્ષક માટેના બદલીના નિયમો જાહેર કર્યા છે. મુખ્ય શિક્ષક HTAT ના બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. મુખ્ય શિક્ષકો દ્વારા ગાંધીનગર ખાતે બદલીના નિયમો જાહેર કરવા આંદોલન કરાયું હતું, જેનો સુખદ અંત આવ્યો છે. લાંબા સમયથી બદલીના નિયમો તૈયાર થઈ રહ્યા હતા. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે બદલીના નિયમો અંગે ટ્વીટર કર્યું છે. શિક્ષણ મંત્રીએ ટ્વિટમાં કહ્યું કે, ગૂરૂપૂર્ણિમા નિમિત્તે ગુજરાતના ગુરુજનોને રાજ્ય સરકારની ભેટ.. માન. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોના બદલીના નિયમો જાહેર. રાજ્ય સરકારનાં પારદર્શી, પ્રતિબધ્ધ અને પ્રમાણિક પ્રયાસોનું પરિણામ ગુરુજનોને અર્પણ.

રાજ્ય સરકારનો HTAT મુખ્ય શિક્ષકોના માટે સંવેદનશીલ નિર્ણય. લાંબા સમયથી બદલી નિયમોની પ્રતિક્ષા કરી રહેલા HTAT મુખ્ય શિક્ષકોના વિશાળ હિતમાં રાજ્ય સરકાર દ્વારા બદલી નિયમો જાહેર કરવામાં આવે છે.

● શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૧૧ ના ઠરાવથી RTE ACT ૨૦૦૯ હેઠળ HTAT મુખ્ય શિક્ષક ની નવી કેડર ઉભી કરવામાં આવેલ. ● આ દરમિયાન HTAT મુખ્ય શિક્ષકની કેડરને શિક્ષણ વિભાગના તાઃ- ૧૫/૦૩/૨૦૨૧ ના ઠરાવથી શૈક્ષણિક કેડર જાહેર કરવામાં આવેલ. તેથી મુખ્ય શિક્ષકોની માંગણી હતી કે તેઓને વહીવટી કર્મચારીના બદલીના સિધ્ધાતો લાગુ પાડવા જોઈએ નહી.

(૧) મહેકમ ગણવાની પધ્ધતિ

● બાલવાટીકાથી ધો-૫ માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

● ધો-૬ થી ૮ માં ૧૦૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

● બાલવાટીકાથી ધો-૮ માં ૧૫૦ કે તેથી વધુ વિધાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય.

(૨) જિલ્લા આંતરિક બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળામાં ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે.

(૩) જિલ્લા ફેર બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી ૫ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઇશે. ૫૦ % જગ્યાઓ અગ્રતાથી અને ૫૦ % શ્રેયાનતાથી ભરવાની રહેશે.

(૪) તબીબી કિસ્સાઓની બદલી, રાષ્ટ્રીય/રાજ્ય સુરક્ષા હેઠળના અધિકારી કર્મચારીઓના મુખ્ય શિક્ષક પતિ/પત્નીની બદલીઓ, રાજ્યના વડા મથકના બિન બદલીપાત્ર અધિકારી/કર્મચારીઓના મુખ્ય શિક્ષક પતિ/પત્નીની બદલીઓ જેવા કિસ્સાઓમાં પણ બદલી અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૫) દર વર્ષે શિક્ષકોની સાથે મુખ્ય શિક્ષકનું મહેકમ શિક્ષણ વિભાગ નક્કી કરશે.

(૬) જે તે શાળામાં મહેકમ જળવાતું ન હોય, તો તેઓને પ્રથમ પગાર-કેન્દ્રની મંજુર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા ૫૨, તે પછી તાલુકાની મંજુર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યાઓ ૫૨, તે પછી જિલ્લાની મંજુર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા ૫૨ સમાવવામાં આવશે.

(૭) જિલ્લા ફેર/જિલ્લા આંતરિક અરસ પરસ બદલી ● બઢતી કે સીધી ભરતીથી નિમણૂક પામેલ કોઈ પણ મુખ્ય શિક્ષકની સામે અરસ પરસ બદલી કરી શકાશે. ● આંતરિક / જિલ્લા ફેર અરસપરસ બદલીમાં મુખ્ય શિક્ષકની મહત્તમ ઉંમર ક્રમશઃ ૫૬ વર્ષ અને ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

કચ્છમાં માત્ર ઝાંપટા

કચ્છ સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરાઇ છે. ત્યારે શનિવારે કચ્છમાં જોઇએ તેવો વરસાદ પડ્યો ન હતો અને માત્ર ઝાંપટા રૂપી હાજરી વરસાદની દેખાઇ હતી. જીલ્લા કન્ટ્રોલરૂમના આંકડા મુજબ કચ્છમાં ૪ તાલુકામાં કહેવા જેટલો વરસાદ નોંધાયો હતો જેમાં રાપર, ભચાઉ, અબડાસા અને માંડવીનો સમાવેશ થાય છે. જે ૪ તાલુકા મથકે વરસાદ પડ્યો હતો બાકી કચ્છના તમામ તાલુકામાં શનિવારે વરસાદ પડ્યો ન હતો. શુક્રવારે વરસાદ અને આગાહી મુજબ કચ્છમા સારા વરસાદની રાહ લોકોને હતી પરંતુ શનિવારે માત્ર વરસાદે હાજરી પુરાવી હતી. જો કે અબડાસા અને લખપતમાં પડેલા વરસાદ બાદ ડેમમાં નવા પાણીની આવક થઇ હતી લખપતનો કારાગુના ડેમ ઓવરફ્લો થયો હતો આ ઉપરાંત અનેક તળાવો તથા ડેમમાં પાણીની નવી આવક થઇ હતી. નખત્રાણામાં અનેક તળાવો છલકાતા વધાવાયા હતા. પરંતુ શનિવારે કચ્છમાં સારા વરસાદની આશા ઠગારી નિવળી હતી. શુક્રવારે નખત્રાણા,અંજાર,ભુજમાં સારા વરસાદ બાદ અનેક સ્થળે મુશ્કેલી પણ સર્જાઇ હતી

પાણી તરસ્યા કચ્છમાં હવે મેઘ ઉત્સવ ઠેરઠેર નવા પાણીના વધામણા

નખત્રાણાના મંગવાણા ગામનું જીવણસર તળાવ ઓગનતા વધામણા કરવામાં આવ્યા : ગામના અટારે આલમના લોકો એક સાથે વાજતે-ગાજતે તળાવને વધાવવા પહોચ્યા હતા તો કચ્છના અનેક ડેમોમાં નવા પાણીની આવક થઇ હતી, આણંદસર(મંજલ)નું આઝાદ સરોવર ઓગનતા વધાવાયું

ભુજ તા.૨૦

સમગ્ર કચ્છમાં ધીમેધીમે પણ સારો વરસાદ થતા કુદરતી સૌદર્ય ખીલ્યુ છે સાથે ડેમો-તળાવોમાં નવા પાણીની આવત થઇ છે. ત્યારે પાણી તરસ્યા કચ્છમાં હવે વરસાદ બાદ તળાવો ભરાતા વધામણા થઇ રહ્યા છે.બુધવારના નખત્રાણા તાલુકાના મગવાણાનું ઐતિહાસિક તળાવ જીવણસર ઓગનતા સર્વે ગ્રામજનો મળીને વધાવ્યો હતો. ગામના સરપંચ અરુણાબેન ગોસ્વામી, એટીવીટી સભ્ય અને માજી સરપંચ ધર્મેન્દ્ર ગીરી ગોસ્વામી,રવજી શીરવી,કુંવરજી પોકાર,ખેતા ચોપડા,ખીમજી મહેશ્વરી,જખા મહેશ્વરી, જીતેન્દ્ર લુહાર,મુળજી સોની,મુશા કોલી, વાલજી કોલી,નવિન ચારણ,ગુલામશા સૈયદ,સોઢા દાઉદ,ખલીફા અબ્બાસ, ગ્રામ પંચાયતની મહિલા સદસ્ય સહીતના ગ્રામજનો જોડાયા હતા.

ઐતિહાસિક જીવણસર તળાવ ઓગનતા ગામલોકોચોકમાં ભેગા થઈ વાજતે ગાજતે તેમજ ભજન કીર્તન કરતા તળાવના કાંઠે પહોંચ્યા હતા. ગામના રસિક મહારાજ દ્વારા વિધિ કરી ગામના પ્રથમ નાગરિક એવા અરૂણ ગોસ્વામી દ્વારા વધામણાં કરાયા હતા.તેમજ દરેક સમાજના લોકોએ તળાવ ઓગનવાની ખુશીમાં મેઘ લાડુનું જમણ કર્યું હતું.તો બીજી તરફ આજ પંથકમા સારા વરસાદ બાદ આણંદસર-મંજલ ગામનું આઝાદ સરોવર (તળાવ) ઓગનતા ગામના સરપંચ શાંતિલાલ ભાવાણી, વડીલો અને દરેક સમાજના આગેવાનો વાજતે ગાજતે વધામણાં કરવા પહોંચ્યા હતા,આ વખતે વડીલ માતાઓ હસ્તે તળાવના વધામણાં કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના પ્રથમ નાગરિક, બંન્ને સમાજના પ્રમુખો કાંતિભાઈ, બાબુભાઈ, નવયુવક મંડળના પ્રમુખો આગેવાન દેવજી ભાવાણી,ધનજી રંગાણી તેમજ ભુજથી ગંગારામ ચૌહાણ હાજર રહ્યા હતા, પૂર્વ ઉપસરપંચ અરજણ ભાઈ, પ્રેમજી ભાવાણી, બાબુભાઇ,નાનાલાલ ભગત,યુવક મંડળના પ્રમુખ પ્રકાશ ચૌહાણ, શાંતિલાલ અરજણ, ઉમેશ ભાવાણી મનીષ ભાવાણી,મહીલા મંડળ,પંચાયત સદસ્ય તેમજ ભૂદેવ ઉમેશ માંરાજના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી વધામણાં કરવામાં આવ્યા હતા.પ્રસાદીના કાયમી દાતા મગન ભગત નાસિકવાળા તરફથી આપવામાં આવી હતી, ગામનું તળાવ ઓગનતા લોકોમાં ખુશી જોવા મળી હતી કચ્છમાં સારા વરસાદ બાદ અનેક તળાવોમાં નવા પાણીની આવક થઇ હતી

મધ્યમ સિંચાઇનો કારાધોધા ડેમ છલકાયો

કચ્છમાં મધ્યમ સિંચાઇના ડેમો પૈકી સારા વરસાદ બાદ મુન્દ્રાનો કારાધોધા ડેમ છલકાઇ ગયો છે.શુક્રવારે પડેલા સારા વરસાદ બાદ ડેમ સંપુર્ણ છલકાઇ ગયો હતો તો આ ઉપરાંત અન્ય તાલુકા મથકો પર પડેલા સારા વરસાદ બાદ અન્ય ડેમોમાં પણ નવા પાણીની આવક થઇ હતી જો કે હજુ જોઇએ તેટલો વરસાદ ન પડતા મોટા ભાગના ડેમોમાં ૫૦ ટકાથી ઓછો જથ્થો ઉપલબ્ધ છે.અબડાસાના બેરાચીયામા ૫૦ ટકાથી વધુ જથ્થો ઉપલબ્ધ છે પરંતુ સારા વરસાદ બાદ ડેમમાં પાણીની આવક થઇ છે.

નાની સિંચાઇ તળાવોની તો કોઇ માહિતી નથી

બીજી તરફ નાની સિંચાઇ અને તળાવો અંગે કોઇ માહિતી જ ઉપલબ્ધ નથી. જીલ્લા પંચાયતના જવાબદાર એવા ચંદ્રકાન્ત ગઢવીનો સંપર્ક કરતા તેઓએ હજુ કોઇ નાની સિંચાઇના ડેમ છલકાયા નથી તેમ જણાવ્યુ હતુ તો તળાવો છલકાયા અંગે પણ તેઓ પાસે કોઇ માહિતી ન હતી બીજી તરફ નખત્રાણા વિસ્તારમાંજ સારા વરસાદ બાદ ત્રણ તળાવો છલકાયા બાદ વધાવાયા હતા ચોમાસામાં ઇમરજન્સી કન્ટ્રોલરૂમ સહિત ઝડપી માહિતી માટેના પ્રયત્નો થતા હોય છે પરંતુ જીલ્લા પંચાયતમાં માહિતીના જ ફાંફા છે.